આદર્શ જૈન

卐

લેખક:—શ્રી બંસી.

પ્રકાશકનું નિવેદન

છે.

દી

ની

શે.

ના

રા.

પેલા

કુંઆર્ડ

બદલ

કલોલ, શ્રી જૈન સસ્તુસાહિત્ય પ્રચારક
તા. ૧૨-૧૧-૨૮ કાર્યાલય.

શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રચારક કાર્યાલય
ક્રમાંક ૪

આદર્શ જૈન

A person desirious of searching the heart of
an Ideal Jain or Jainatva should
read this book throughly.

" આવતી કાળનાં તેજસ્વી
જૈનો ઘડનારૂં આજનું પ્રાણવાન્ પુસ્તક. "

લેખકઃ—શ્રી. બેસી

પ્રકાશક,
જૈન સસ્તુંસાહિત્ય
પ્રચારક કાર્યાલય
કલોલ.

બીજી આવૃત્તિ.

મુદ્રણસ્થાન:
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ: અમદાવાદ.
મુદ્રક:
ગજાનન વિ. પાઠક

પરમયોગી



આદર્શ મહાત્મા

શ્રી શાંતિવિજયજી મહારાજ

સમર્પણ

દિવ્યતાના દુકાળથી રીબાતા શહેરોના ઝેરી વાતા-
વરણથી સદાય દૂર રહી આત્મા ને પરમાત્માનો
યોગ સાધવા આબુના એકાંત પહાડોમાં
વિચરી રહેલા એ આનંદમસ્ત યોગી
મહાત્મા શ્રી શાંતિવિજયજી.

જેના મુખચંદ્ર પર શાંતિની પરબો મંડાણી છે,
બાળકના જેવું નિર્દોષ હાસ્ય રમી રહ્યું છે,
સરળતા ને મીઠાશના ફૂવારાઓ ઉડે છે;
અને નિસ્પૃહતા ને નિખાલસતાનું
સાક્ષાત્ દર્શન જે કરાવે છે
તે
મહાપુરુષ
શ્રી શાંતિવિજયજીનાં સાત્વિક ને સુવાસિત
પવિત્ર આત્માને
સવિનય સમર્પણ!

—લેખક

અભિપ્રાયોની વાનગી

જૈન અને ખાસ કરીને જૈનેતરો પાસે સગર્વ મૂકી શકાય તેવું જૈન ધર્મનું અને આદર્શ જૈનનું ઉજળું દ્રશ્ય રજુ કરતું આવું નાનકડું અને આ યુગને બંધ બેસતું આપણી પાસે આ પહેલું જ કદાચ સુંદર પુસ્તક છે.

* * *

વર્તમાન જૈન સાહિત્યમાં સચોટ અને સબળ શૈલીમાં લખાયેલાં બહુ જ થોડા પુસ્તકો વચ્ચે આ પુસ્તકને માનવંતુ સ્થાન અચૂક મળશે એમાં શક નથી.

* * *

આ નાના પુસ્તકનો લેખક એક મધુર યુવક છે. આજ સુધી તેના પ્રગટ થયેલાં પુસ્તકો પછી લેખકનાં વિચારો અને ભાવનાઓની આમાં જ શાંતચિત્તે જમાવટ થયેલી જોવાય છે.

* * *

આ રસમય ગદ્યમાં થોડામાં ઘણું સમાવાયું છે. એક એક વાક્ય કે વિચાર વાંચનારમાં નવીન પ્રેરણા ને તાજગી ભરે છે; ભાષા પ્રાણવાન અને ભાવો જીવનમાં આશા મૂકતાં જાય છે.

* * *

આપણી સામે ચોકડાબંધ ખડકાઈ જાતાં અનેક નીરસ અને નકામા અધ્યાત્મનાં પિષ્ટપેષણો પરથી થાકીને દૃષ્ટિ આ પુસ્તક પર પડે છે ને ખૂબ શાંતિ મળે છે.

* * *

(જન અને જૈનેતરોનાં ખાનગી અભિપ્રાયોમાંથી)

—વધારે અભિપ્રાયો પાછળના પૃષ્ઠોમાં—

વાંચનારને !

પુસ્તક 'ગમે તેમ' વાંચીને પુરૂં ન કરશો: પુસ્તકનાં
ભાવો અને વિચારો સમજવા પ્રયત્ન કરશો,
અને બની શકે તેટલી શાંતિ ને ધીરજપૂર્વક
વસ્તુનું હ્રદય પારખવા કાળજી રાખશો:
આટલું કરશો તોય લેખક ઉપર
આપનો ઓછો ઉપકાર
નહિં થાય !

ભૂમિકા

આપણામાંથી કેટલાં જાણતાં હશે કે જીંદગી એ રમત નથી પણ એક જાતની લડાઇ છે ! સવાર, બપોર ને સાંજ, ત્રણે કાળની મૃદુતા, પ્રખરતા ને શાંતિ જેનામાં મૂર્તિમાન્ થઈ હોય એવા જીવન અને માનવતાના રસિયા કોઈ મધુરા પુરૂષો જ એ લડાઇની લીલાઓ અનુભવી શકે !

અંગોઅંગ અમી ઠરે એવું રસજીવન જેનામાં ભર્યું હોય, હજારો દુર્ગુણો ને સુગુણોને વીંધી જે મહાન્ આદર્શો ઘડતાં હોય, નિષ્કામ કર્મયોગ, બુદ્ધિપૂર્વક કરેલા સંકલ્પમાં નિશ્ચળતા અને સિદ્ધાંત ખાતર અડગ યુદ્ધ ને તપશ્ચર્યા કરી શકે તેવા તેજીલા ખમીર જેનામાં ભર્યા હોય, નિત્યજીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચે જેના માનસમાં ભેદભાવ જ ન હોય અને ઉન્નત ને સત્વશીલ ભાવનાઓથી જેનાં અંતર વલોવાઇ રહ્યાં હોય તે જ એ લડાઇમાં જીતી શકે—લડાઈ લડી જાણે !

જીતે કે હારે તે પરજ જીવનનો હિસાબ ન રાખતાં, કેવળ ઉન્નત આશયો-સિદ્ધિઓ વરવાને સારૂ ખેડેલાં સાહસો અને પ્રવૃત્તિઓ પ્રતિજ જેનું લક્ષ્ય હોય એજ વીર છે. એજ જીતવાના ગુંજારવ કરતો "જૈન" છે: આવો એકાદ સુંદર ને પ્રબળ આત્માજ ગમે તેવા સામ્રાજ્ય કે સમાજનાં મજબૂત પાયાઓ હચમચાવી નાંખે, ગમે તેટલી વિકટમાં વિકટ અધ્યાત્મની કઠિણ ટેકરીઓ પર છલંગ મારતાં મારતાં દૂર દૂર સોંસરો ઉતરી જાય, જગતની કોઈ શક્તિ કે કોઇ સર્વભક્ષી સત્તા પણ એનાં દોડતાં વીર્યને ખાળી શકવા અસમર્થ જ નિવડે!

આ વીર્યના સાગર તરીકે જે ઉછળી રહ્યો હોય તેને જ હું "જૈન" ના નામથી સંબોધી જૈનસમાજ અને જૈનેતર દુનિયા સમક્ષ 'આદર્શ જૈન' રૂપે રજુ કરૂં છું. તે પહેલાં કહેવું પડશે કે સંપૂર્ણ જ્ઞાન કે સંપૂર્ણ અજ્ઞાન, એ બેજ દશા ઈષ્ટ છે. બાકી ત્રિશંકુની દશામાં કોઇ કાચી-નબળી આંખોથી જૈનનાં પ્રભાવ ને તેજ ન જીરવી-ઝીલી શકાય તો તેમા 'જૈન' નો ઓછોજ દોષ છે! મહત્તાનાં રજકણોથી બંધાયલા એક જૈનને પારખવાને બહુજ સૂક્ષ્મ આંખો, ઉંડા નિરીક્ષણ ને ચિકીત્સા જોઇએ! જૈનનાં 'અહિંસા' સિદ્ધાંતને સમજવાને માટે પ્રકાશિત જ્ઞાન અને સંસ્કારિતા જોઇએ. પરંતુ વિજળી વેગે આગળ ધપતા આ ઉછાંછળા જમાનામાં એટલી ધીરજ અને શાંતિપૂર્વક ચિકિત્સા કરવાનું કોને પાલવે તેમ છે? તેથીજ એ ભયંકરતા ભાંગવાનો-જગતમાં 'જૈન' પ્રતિના ભ્રમણાત્મક વિચારો ફેલાવનાર કેટલાક પુરૂષોને સવળે માર્ગે લઈ જવાનો-આ એક નમ્ર પ્રયાસ છે, કે જેમાંથી "જૈન" નો સાચો ને સ્પષ્ટ ફોટો જોઇ શકાય.

—અને જીવનના ઝરામાં મસ્તપણે ખેલતો, હસતો ને ચોગરદમ ચૈતન્ય વેરતો "જૈન"—એ તેજસ્વી વીર યોદ્ધાનું સાચું સ્વરૂપ દર્શાવવું એજ આ નાની પુસ્તિકાનો હેતુ છે કે જેને જોઇને કાચા જૈનો પણ પાકા બને !

જૈન એટલે ડરપોક નહિ, પણ જીવનસંગ્રામમાં શાંત ચિત્તે સતત લડી જાણનાર બહાદુર સૈનિકઃ ભય કે કલેશની બલા જૈનના આત્માને સ્પર્શી શકે નહિ. 'સ્થિરતા' તેને પાલવે નહિં, મુડદાળ સ્થિતિમાં જીવવા કરતાં—પેટ ધસીને જીવન ગમે તેમ પુરૂં કરવાની વૃત્તિને બદલે—ભવ્યતા-ભર્યાં મૃત્યુને સહર્ષ ભેટવું એજ જૈનની મોજ ! અને હરેક સ્થિતિ, હરેક પ્રસંગ કે હરેક સુખદુઃખનાં કારણોમાંથી આશાભર્યા દિલે મજા લુંટનારો રસિક પુરૂષસિંહ તેજ જૈનઃ એજ આ પુસ્તિકાનું તારણ છે.

સંપૂર્ણ આત્મવિશ્વાસ અને વિરાટ સ્યાદ્વાદ દ્રષ્ટિવાળા કોઇ પણ મહાન્ પુરૂષને 'જૈન'નું સંબોધન હોઇ શકે.

ગમે તે સત્ત્વશાળી વ્યકિત વિશ્વરચનામાં નવાજ પ્રભાવ, નવાજ ઓજસ ને નવીન ભાવનાઓ લાવે તે જૈન. તેને 'જૈન' જાતિ નામના કોઇ 'વાડા' માં પૂરી શકાય જ નહિ, પંથનાં પીંજરામાં પુરાયલાં પરવશ પંખીઓ અને "જૈન" માં આટલોજ તફાવત ! જૈનધર્મની વિશાળ ભાવનાઓને સંકુચિત સ્વરૂપમાં પૂરી રાખનાર આજના મનુષ્યોને હજુ એ જાણવાનું બાકી છે કે—**જૈન એ કોઇ જાતિ નથી, પરંતુ ધર્મ છે.** ધર્મ તો ગંગાના નીર જેવો વહેતીઆણુ હોય, જેને જેને પાણી પીવાં હોય તેને માટે

જૈનધર્મનાં સર્વે આરાઓ ખુલ્લાં છે. ધર્મનાં આરાઓ બંધ કરશે તે "ધર્માવરણીય કર્મ"* બાંધશે.

આ "જૈન" નાં વિશ્વપ્રેમનો ધોધ એકાદ સાંકડી નહેરમાં જઇને કેમ સમાઈ શકે ? નહેરનાં સાંકડા રસ્તામાંથી તે તો ઉભરાઇને બીજા ફાંટાઓમાં વહી જાય, જ્યાં જાય ત્યાં જયની શોધવાળું ઉન્નત વાતાવરણ જમાવે, ગમે તે ક્ષેત્રમાં કે ગમે તે કાળે તેણે 'જૈન' નો બીલ્લો લગાવ્યો નહિં હશે તોય તે 'જૈન' કહેવાશેઃ આ સંબંધી વિશેષ તો "આદર્શ જૈન" ના અંદરના પૃષ્ઠો કહેશે—એ વધુ ઠીક ગણાય.

આ પુસ્તક એ મારા જૈન તેમજ અન્ય ધર્મોના અભ્યાસ, મહાન્ પુરૂષોનાં ચરિત્રોનાં તેજ અને આજસુધી જગતે કરેલી પ્રગતિનાં નિરખેલા પાણીનું સ્વતંત્ર પરિણામ છે. એ વિચારો મારા છે, "મારા નથી" તેને મારાં ગણી પૂજ્યા છે—મારા ગણી પચાવ્યા છે. તેમાં કેટલાંકની છાયા હશે. ભાવ હશેઃ અને એ તો સંભવિત જ છે કે વિશ્વસાહિત્યમાં સારામાં સારા સાહિત્યકારોએ બીજ, પ્રસંગ કે ભાવ અન્ય લેખકની કૃતિઓમાંથી ગ્રહણ કર્યાના દાખલા છેઃ હું કબુલ કરીશ કે મારી આ "જૈન સૃષ્ટિ" અધૂરી હશે ! મારી દ્રષ્ટિ અને બુદ્ધિ સાથે આત્માએ જ્યાં સુધી મેળ લીધો ત્યાં સુધી મેં "મારી" કરી છે, બાકીનું કાર્ય કોઇ 'યોગી' ને સોંપીશું.

---

* અહિં 'જ્ઞાન દર્શનાવરણીય' કર્મ અર્થ લેવોઃ જ્ઞાનનું આવરણ તેજ ધર્મનું આવરણઃ

આ પુસ્તકની શૈલી અપદ્યાગદ્ય નથી, તેમજ કાવ્ય પણ નથી; પરંતુ ચોકખું ગદ્ય છે. હા ! વાકયો ગોઠવવાની રીત નવી છે, જે સકારણ જ કરેલી છે, એટલું આપણાં સમાલોચકો નોંધી લ્યે. અને વાંચકો ! જૈન હો વા જૈનેતર—મને એ નામભેદ સામે કશોય સંબંધ નથી—બહુ જ આસ્તેથી, વિચારી વિચારીને, એકેક વાકય પર સંપૂર્ણ મનન કરતાં કરતાં દરેક શબ્દો ચાવી ચાવીને વાંચે, વિચારે અને આચરે એ મારી તેઓ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.

* * *

મારી એક પ્રબળ ભાવના છે કે આજનો સમાજ આ નાનાં નાનાં કુંડાળાઓ છોડે, ખોબા જેવડાં પ્રશંસક મંડળો ભાંગે, સંકુચિત વાડાવાડીઓની દિવાલો તોડે, અને 'ધર્મ અને અધ્યાત્મ'-ના નામે ચાલી રહેલી હાસ્યપાત્ર પ્રવૃત્તિઓ ને ક્ષુદ્ર પરાક્રમો બંધ થાય, બાલિશતાભરી 'કૂપમંડુક' જળક્રીડાઓ સંકેલી લેવાય, અને છીછરાં બનતા જતાં માનવ અને ધર્મનાં પેટાળમાં વિશાળતાનાં પ્રવાહો વાળે !
'જૈન' ની મુસાફરીનો અંત ન હોય. આકાશ–સિદ્ધશીલાની મુસાફરી માટે તો ચમકતા ને ભવ્ય સઢો જીવનજહાજ પર "જૈન" જ ચઢાવે. આહા ! આશા કેટલી અમર છે ? એ અમરતા સાથે એક વધુ સૂર:—મારી એ પ્રબળ ભાવના છે કે આજની આપણી મુડદાલ સ્થિતિમાંથી ઉંચે જવા "આદર્શ જૈન" ની ભાવના સદાય ભાવતા રહી આપણે 'આદર્શ જૈન' બનીએ: 'આદર્શ જૈન' વાંચીને જીવનમાં પચાવીએ ને પ્રકાશિત થઈએ !*

(પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના)

આગરા
મૌન એકાદશી
૧૯૮૪

—લેખક

---

* આ પુસ્તકનું હિંદી ભાષાંતર બહુજ અલ્પ દિવસમાં પ્રગટ થશે. અંગ્રેજી ભાષાંતર પણ થઇ રહ્યું છે, તે સમયે પ્રકાશીત થશે.

બીજી આવૃત્તિની

પ્રસ્તાવના

જૈનત્વની તેજસ્વી રોશનીના તેજ ઝાંખા પડતાં જોઇ હૃદયમાં મને જે દર્દ લાગ્યું, તેના નિવારણાર્થે 'આદર્શ જૈનત્વ' કેવું હોઇ શકે? એ વિષય પર ખૂબ વિચારકર્યો: ઘણું વાંચન, ખૂબ વિચાર અને દીર્ઘચિંતનના પરિણામે 'આદર્શ જૈન' ને સ્થૂળ સ્વરૂપે–અક્ષરદેહે જન્મ આપ્યો: પુસ્તકના જન્મ સમયે મને ખબર નહોતી, રે! આશા પણ નહોતી કે આજનો આ મુડદાળ જૈનસમાજ આ પુસ્તક તરફ આંખ ફેરવવા જેટલીય કૃપા કરશે! અનેક પ્રકારની નિર્બળ આધ્યાત્મિક ભાવનાઓ ભાવી ભાવી નીચોવાઈ ગયેલો સમાજ આ 'ખાખ'ને કેમ ઝીલી–જીરવી શકશે! રુઢીઓની ઘંટીઓ વચ્ચે પીસાઇ પીસાઈને, અહિંસાના બખ્તર નીચે કંગાળીયતને નોતરી રહેલો મારો જૈનસમાજ આ પુસ્તકને કઇ રીતે અપનાવી શકશે?

હોંશજોર પુસ્તક લખ્યું, પણ જરા થથરતા હાથે તે પ્રગટ થયું: 'થથરાટ' એટલા માટે કે ધાર્મિકતાના ભોષે અધાર્મિકતાના ઝેરી ડોઝો પીઇ પીઈને મરવા પડેલાં સમાજનાં હૃદયો 'આદર્શ જૈન' નાં જીવનપૃષ્ઠોમાં 'પડીકમણાં ને વરઘોડા' ની શોધ કરવા દોડશે તો! તેમાં ચીતરાયલી વીરોચિત ભાવનાઓને 'હીંસક' માની ફેંકી દેશે તો! હશે! એ બધીય કલ્પનાઓ આવી ગયા પછી હૃદયમંથનના પરિણામે મને 'જૈનત્વ' નાં જે જે ઉજવળ કિરણો સાંપડયા, તે તે સ્પષ્ટ સ્વરૂપમાં રજુ કરતાં 'થથરાટ' ને મારે હટાવવો જ રહ્યો! પુસ્તક પ્રગટ થયું: અને મારા આત્માના આનંદ વચ્ચે આજે હું શું જોઇ રહ્યો છું?

એજ, એજ કે આજે 'જૈન સમાજમાંથી એક એવો નૂતન બળવાન્ ભાવનામય સમાજ આવિર્ભાવ પામતો જાય છે કે, જે ગઇ કાલની નિર્માલ્ય માન્યતાઓમાં માનતો નથી. ને સબળ ભાવનાઓ પાછળ ધડકતા હૈયે દોડી રહ્યો છેઃ ખરેખર એ આનંદનો–મારા માટે તો અતિ આનંદનો વિષય છેઃ (જો કે એ સંખ્યા બહુ જ નાની છે.)

'**આદર્શ જૈન**'ના પ્રાગટય પછી સમાજનાં અનેક બુદ્ધિમાન વિચારકો આ માર્ગે આજે પોતાનો વિચારપ્રવાહ વાળી રહ્યાં છે. અને નૂતન સમાજના સર્જનકાર્યમાં આવાજ સાહિત્યની ઉપયોગીતા સ્વીકારવા લાગ્યાં છે, તે પણ મને મારા કાર્યમાં અતિ પ્રોત્સાહનકર્તા નિવડયાં છે. પહેલી આવૃત્તિ ખલાસ થઇ જતા બીજી આવૃત્તિ આજે પાંચ માસમાં પ્રગટ થાય છેઃ

પહેલી આવૃત્તિ કરતાં બીજી આવૃત્તિમાં અનેક સુધારાઓ, અને ખાસ કરીને ઘણો જ વધારો કરવામાં આવ્યો છે, જે વાંચકો સ્હેજે જોઇ શકશેઃ આ કાર્યમાં બીજા આવૃત્તિ સમયે રા. ફત્તેહચંદભાઇ ઝવેરભાઇએ અથથી ઇતિ પર્યંત પુસ્તકનું બારિક અવલોકન કરી, પોતાના કિંમતી સમયનો ભોગ આપી જે તલસ્પર્શી 'આમુખ' લખી આપવાની ઉદારતા દર્શાવી છે, તેમજ પુસ્તકનાં અંગે કેટલાંક દિશાસૂચનો કરેલાં છે; તે સારૂ તેમનો હું અતિ ઋણી છુંઃ સમાજનાં આગેવાન પુરૂષોએ તેમજ પત્રકારોએ પણ મારા કાર્યને પ્રેમથી વધાવી લઇ મને જે પ્રોત્સાહન આપ્યું છે તે માટે તેમનો આભાર માનવાની આ તક લઉં છું.

—લેખક

आमुख

'**આદર્શ જૈન**' એટલે સાચા જૈનત્વનું મૂર્ત્ત સ્વરૂપઃ Truth is that which Compells. સત્ય અને જીવન જૂદાં ન હોય. ગરમાગરમ અગ્નિ સ્વપ્નમાં પણ ઠંડો લાગતો નથીઃ તેમજ જે કાર્ય જિન-પ્રભુની સામે ન થઈ શકે તે જીવનમાં ન જ થઇ શકે; સમગ્ર સ્થાને જિન પરમાત્માની હાજરી દેખાય ને જીવન અને પરમાત્માને સંબંધ હોય ત્યાંજ આદર્શપણું (ideal) સંભવે છેઃ માન્યતાઓનો ઢગલો થાય અને એકે પરિસ્થિતિ જીવનમાં ન ઉતરે તે વાસ્તવિક સત્ય ગણી શકાતું નથી. સાચા જૈનત્વમાં વીરતા, શાંતિ, ધૈર્ય, ઇંદ્રિયસંયમ, બ્રહ્મચર્ય અને પ્રતિભા વગેરે અનેક ગુણોનો સમન્વય હોય, એટલે આદર્શ જૈનનાં શરીર, વૃત્તિ, વિચાર, બુદ્ધિ અને વિવેક દિનપ્રતિદિન પ્રગતિમાન થતાં હોય છે; આદર્શ જૈનમાં દંભને અવકાશ હોય નહિ, તેથી તેની પ્રત્યેક ક્રિયા અંતરાત્માની સાક્ષીભૂત હોય છે.

જૈનદર્શનમાં શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકે **सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः** એ સુત્ર વડે આત્માની સ્વતંત્ર મુક્તિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વિશાળ માર્ગના અવલંબનથી સાધ્ય ગણી છે. વ્યવહાર અને નિશ્ચયરૂપ સ્યાદ્વાદના વિશ્વવ્યાપી સિદ્ધાંતવડે જૈનદર્શનનો રથ બે ચક્રોવડે ગતિમાન્ ગણેલો છે. વ્યવહારથી સમ્યગ્દર્શન તે સત્ય દેવ-ગુરૂ અને ધર્મની શ્રદ્ધા છે. વ્યવહારથી સમ્યગ્જ્ઞાન તે સત્ય આગમોના સ્વરૂપનું જાણપણું છેઃ અને વ્યવહારથી ચારિત્ર તે શુભ આચારોમાં પ્રવર્તન છે. જ્યારે નિશ્ચય સમ્યક્ત્વ તે જડ અને ચૈતન્યની વહેંચણીની અન્તરાત્મા તરીકે અચળ શ્રદ્ધા છે, નિશ્ચય જ્ઞાન તે જડ અને ચૈતન્યનાં ભિન્ન સ્વરૂપો અને પ્રકૃતિઓનું જાણપણું અને તે જાણી કર્મપ્રકૃતિ રૂપ જડ પદાર્થો ઉપર આત્માએ પુરૂષાર્થ દ્વારા કેવી રીતે વિજય મેળ-

વવો તે જાણી લેવાનું છે, અને નિશ્ચય ચારિત્ર તે વિજય મેળવીને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવાની છે. શ્રદ્ધાબળ, જ્ઞાનબળ અને ચારિત્રબળ એ ત્રણે બળો નિશ્ચયવ્યવહારમય ગણાય છે. હવે આ ત્રણે, નિશ્ચયબળ વગરનાં હોય તો આત્માની સ્વતંત્ર મુક્તિરૂપ કાર્યસિદ્ધિ કરી શકતાં નથી. તેથી આત્માની સ્વતંત્ર મુક્તિ ઇચ્છતા મનુષ્યે વ્યવહારમય જીવન સાથે નિશ્ચયબળવાળા જીવનને જોડી દેવું જોઇએ. જેમકે શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે કહ્યું છે કે ' નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી પાળે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર.'

जयति रागद्वेषादीन् इति जिनः રાગદ્વેષ રૂપ અંતરંગ શત્રુઓનો પરાજય કરે તે જિન, અને તેને અનુસરે તે જૈન. આ જૈન શબ્દની જૈનદર્શનમાં વિશ્વવ્યાપી–વિશાળ વ્યાખ્યા છે. આ ઉપરથી જૈનદર્શન એ સંકુચિત દર્શન–નાના વાડાઓથી બનેલું–દર્શન નથી. પ્રબુદ્ધ અને બળવાન્ આત્માઓથી સ્વીકારી શકાય તેવું વિશ્વવ્યાપી દર્શન છે. હવે રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓનો પરાજય શી રીતે થાય? પ્રત્યેક આદર્શ (Ideal) જૈને તમામ ગુણોની ખીલવણી પોતાના આત્મામાં કરવી જોઇએઃ દાન, ક્ષમા, ધૃતિ, સંતોષ, દયા, સત્ય, ઇંદ્રિયનિગ્રહ, બ્રહ્મચર્ય, મૈત્રીભાવ, પ્રમોદભાવ; વિગેરે તમામ ગુણોની ખીલવણી થાય ત્યારે રાગદ્વેષ ઉપર બરાબર જય મેળવી શકાય; ઉચ્ચમાં ઉચ્ચ ઉદાર ભાવ પ્રગટે. **उदार चरितानां तु वसुधैव कुटुंबकम्** એ સૂત્રને સત્ય રીતે જીવનમાં આચરી શકાય. ત્યારે સાચું જૈનત્વ પ્રકટે.

આપણું સામાજીક જીવન ધર્મશાસ્ત્રોથી જૂદું અને જૂદુંજ અત્યારસુધી ચાલ્યા કર્યું છે. પરન્તુ પ્રત્યેક જૈનનો **ગૃહસ્થાશ્રમ કેવો હોવો જોઈએ; ગૃહસ્થાશ્રમમાં પણ વિશાળ ભાવના કેટલી, કયા કયા પ્રસંગોમાં ખીલવવાની છે તેનું પ્રથમ**

જ્ઞાન રચનાત્મક દષ્ટિએ થવું જોઈએ. તો જ પ્રથમ ઉત્કર્ષ ગૃહસ્થાશ્રમથી જ થાય અને પછીનો આશ્રમ ‘ સાધુ આશ્રમ’. તે ગૃહસ્થપણાની ઉમેદવારીની સિદ્ધિરૂપ હોવાથી તે આશ્રમ પણ વધારે ઉદારચરિત થઈ શકે. ગૃહસ્થાશ્રમમાં ગુસ્સા ઉપર કાબુ, પિતા માતા તરફ ભક્તિ અને વિનય, ભાઇઓ સાથેનું સ્નેહમય વર્તન, પતિ પત્નીનું વિલાસી નહિં પરન્તુ મર્યાદાસર ‘ કામ પુરૂષાર્થ ’ને સિદ્ધ કરવાનું પ્રવર્તન, અને એ રીતે પરસ્પર સ્વભાવના મિલનરૂપ શાંતિ અને પ્રેમમય ધાર્મિક સહચાર વિગેરે ખીલવી ગૃહકુટુંબની મુક્તિ માટેનું એક પ્રાથમિક ઉપયોગી સાધન બનાવવું એ ‘ આદર્શ જૈન ’નું પરમ લક્ષ્ય હોવું જોઇએ. શરીરની, વાસનાઓની, વૃત્તિયોની, બુદ્ધિની અને વિવેકની ખીલવટ તેમજ ઇન્દ્રિઓની સત્કાર્યમાં જ પ્રવૃત્તિ વિગેરે સદ્ગુણોની ખીલવટ પ્રાથમિક રીતે થવાથી, સાધુ આશ્રમનો સાચો અધિકારી બની શકે Behaviour is righteousness.

વસ્તુસ્થિતિ આમ હોઈ ચારિત્ર–સદ્વર્તન ઉપર સંપૂર્ણ વજન મૂકયા સિવાય ચાલી શકે તેમ નથી. કેમકે શ્રદ્ધા અને જ્ઞાન હોવા છતાં જો વર્તનમાં ન હોય તો **ज्ञानस्य फलं विरतिः** એ સૂત્ર અનુસારે સત્ય વસ્તુની પ્રાપ્તિ થઇ શકતી નથી.

* * *

માણસનું વર્તમાન ચારિત્ર એ તેના વિચારો, કલ્પનાઓ અને આદર્શોનું પરિણામ છે. જે માણસ પોતાને પોતાની કલ્પનામાં નિરન્તર વિજયહીન અને નિસ્તેજ માને છે, તે માણસ પોતાનું માનસિક બંધારણ દિનપ્રતિદિન એવા જ પ્રકારે રચતો હોય છે કે તેનું અખિલ જીવન એવા અનિષ્ટ ભાવો વડે ભરપૂર બની જાય છે: અને એવા વિચારોને અનુસરતું તેનું બાહ્યજીવન પણ રચાય છે. એથી

ઉલટું જે મનુષ્ય પોતાને ચોતરફ વિજયી, શક્તિમાન , ધારેલું કામ પાર ઉતારનાર અને સર્વ વિઘ્નોને ઓળંગી જનાર માને છે તે વાસ્તવિક રીતે બાહ્ય ચારિત્ર પણ તેવું જ પ્રકટાવી શકે છે. **સબળ અને નિર્બળ મનુષ્યો વચ્ચે ભેદ એટલો જ છે કે સબળ મનુષ્ય પોતાના ચારિત્રને પોતાની મરજી અનુસાર ઘડી શકે છે. તે તેનો પોતાનો માલીક છે. જ્યારે નિર્બળ મનુષ્ય એ તેની આસપાસના સંયોગોનું પ્રાણી છે:** તેને બીજા મનુષ્યની અસરને આધીન રહેવું પડે છે અને તેને પોતાના સ્વતંત્ર સંકલ્પનો અવકાશ હોતો નથી; વસ્તુસ્થિતિ આમ હોઈ આદર્શપણું પ્રકટાવવા માટે પોતે પોતાના સ્વામી—માલેક બનવું જોઇએ !

એક ભૂમિને અનુકૂળ ઔષધ બીજી ભૂમિને અનુકૂળ હોઇ શકે નહિં. કેટલાક યુગ મનુષ્યજાતિની કલ્પનાશકિત ખીલવવાના સ્વભાવવાળા હોય છે, કેટલાક બુદ્ધિશકિત ખીલવવાના સ્વભાવવાળા હોય છે; કલ્પનાશક્તિ અને બુદ્ધિશકિત એ મનુષ્યનાં ધ્યેય નથી; સાધન માત્ર છે: તે " આદર્શ જૈન " છે કે જેનામાં આ સઘળી શક્તિઓ પૂર્ણપણે વિકસિત હોય. અને તે **છતાં વપરાશ તેના સ્વાધીનમાં હોય** ! તર્ક વિચારો અને વાદપરંપરાએ આજના જૈનની દષ્ટિને એટલી રંગી નાંખી છે કે કોઈ પણ ચીજ કે—બનાવને પ્રાણી તેના ખરા રૂપરંગમાં જોઇ શકતો નથી.

* * *

નદીનો પ્રવાહ ગમે તેટલો ક્ષીણ હોય તો પણ પર્વતના પડખામાંથી કચરો તો લઈ આવવાની જ. એ કચરો હરહંમેશ નદીનું મુખ પૂરતો રહે છે. જો નદીમાં ઉંડું પૂર જોશબંધ ન આવે તો નદીનું મુખ પૂરાઈ જાય અને જીવનપ્રવાહ અત્યન્ત ક્ષીણ થઇ જાય, અને સુકાઇ પણ જાય ! **આપણા જૈનસમાજની હાલ એવી સ્થિતિ થયેલી છે. માન્યતા, તર્કવાદ અને ઉપલકીયા વાંચનનો**

ઢગલો થઈ ગયો છે અને જીવનપ્રવાહ મલિન થઇ ગયો છે. તેવી પરિસ્થિતિમાં ભાઇશ્રી બંસીની નવયુગ સર્જનવાળી પ્રતિભાશાળી કલમ બહાર આવી છે, તે એક પ્રકારની સુંદર આશા આપે છે. એ કલમ વધારે હજી પણ આગળ વધશે તો જૈન વ્યક્તિનો જીવનપ્રવાહ રૂઢીબદ્ધ કાંઠાઓથી ઉભરાઈ ને બહાર નીકળશે અને પ્રવાહ સ્વચ્છ બનવાના નિમિત્તરૂપ થશે, એમ અમારી માન્યતા છે.

ધર્મ, અર્થ અને કામ એ ગૃહસ્થજીવનના પુરૂષાર્થો છે. જે મર્યાદિતપણે સાધવાથી સાચા 'પુરૂષ' થવાય છે. તેમાં મર્યાદા તૂટવાથી, નિરપેક્ષપણું થવાથી 'ધર્મ' એ આત્માર્થ સાધક નહિ બનતાં, જીવનના વિભાગ તરીકે ન થતા અમુક ટાઈમને માટેજ આચરવાનું યાંત્રિક સ્વરૂપ બન્યો, અર્થોપાર્જનમાં પરિગ્રહ પરિમાણની હદ ન રહેતાં તે અમર્યાદિત તૃષ્ણાતિરેકવાળો વિકૃત 'અર્થ' બન્યો, અને 'કામ' જે મર્યાદિત પ્રજોત્પત્તિ માટે માનસિક સંયમવાળો હતો તે 'કામ વિલાસ' થઈ ગયો. આ રીતે ગૃહસ્થ જીવનમાં પુરૂષાર્થોનું વિકૃત સ્વરૂપ થતાં સાચો 'પુરૂષ' થતો અટક્યો, એટલે એ રીતે સાચો જૈન પ્રકટવાના સંજોગો પણ કમી થયા.

આવા ચારિત્રધારી વિશુદ્ધ વર્તનવાળા જૈનો ઉત્પન્ન કરવા માટેનો આદર્શ જૈનસમાજ સમક્ષ ભાઈશ્રી બંસીએ મૂકયો છે. તેમાં તેમણે અનેક ગૂઢ પ્રશ્નો ચર્ચ્યા છે. પ્રત્યેક વાકયમાં પદે પદે સ્વતંત્રતા, મૌલિકતા અને ભાવ-ભાષાનો બંધન મુક્ત પ્રવાહ આ લેખકના આત્માની નજીકની કોઇ કંદરામાંથી છલ ! છલ ! કરતો છૂટયો છે. જગત-વારસાની સામગ્રી સંપ્રદાયના પટારામાંથી બહાર કાઢી છે. ઇન્દુકુમાર અને જયાજયંત જેવા પુસ્તકોના પ્રખર લેખક કવિશ્રી ન્હાનાલાલ જેવી અપદ્યાગદ્ય શૈલિ આ પુસ્તકમાં ભાઇશ્રી બંસીએ

વાપરીને બાર વ્રતધારી જૈનના સંસ્કારોનો સુંદર મેળ નીપજાવતી મીઠી ભાષામાં, આદર્શ જૈને કેટકેટલા સૂક્ષ્મ આંતરવિગ્રહો વચ્ચે રહીને આત્મિક વિકાસ સાધવાનો છે તે બતાવ્યું છે: તેમની પોતાની જ વાણીમાં બોલીએ તો–

A શ્વેતાંબર દિગંબર સ્થાનકવાસીનાં લેબલો શા ?

B 'જૈન' નામ ભૂલો, જૈન વસ્તુ સમજો.

C લોકોનાં–વ્યવહારનાં ચક્રમ અભિપ્રાય ઉપર જીવન જીવનારા જીવન 'જીવતાં' નથી, પણ જીવનને 'ઘસડયે' જાય છે.

D જ્ઞાનયોગ આગળ ભક્તિયોગની તળેટી છે.

E પથ્થરના દેહને જૈન પૂજતો નથી, પણ 'ભીતર' ને પૂજે છે.

F પોતાના ઉપર 'ઑપરેશન' કરી પોતાને સુધારનારી, શુદ્ધ કરનારી ક્રૂરતા વિના ક્રૂરતામાં માને નહિં.

G (એવી તે ક્રૂરતા અને કોમળતા) મારા શત્રુંજય પથના ભોગીઓ છે:

H જૈન યૌવનને સંયમથી જોતરે છે: ઉપરાંત ઘણાંય સૂત્રો ટાંકવા જેવા છે:

આદર્શ જનને વટાવવી પડતી અનેક ભૂમિકાઓ, ભાઇ બંસી પોતાના જગત નિરીક્ષણને બળે ઉચિત રંગોવડે આલેખી રહેલ છે. 'આદર્શ જૈન' એ શ્વેતાંબર દિગંબર કે સ્થાનકવાસીનું સૈયારૂં પરમધન છે. તેથીજ શ્રીમદ્ આનંદ ઘનજીના **सेयंवरोय आसंवरोय बुद्धोय अहवअन्नो वा समभाव समभाव भावी अप्पाल्हाहेइ मुरव्हवं न संवेहो॥** એ વિશાળ ભાવનામય વાક્યનું ભાઇશ્રી બંસી સમર્થન કરે છે. મતલબ કે સાચો જૈન પ્રત્યેક સ્થળે સિદ્ધાંતભેદોના કલહને ન જોતાં તાત્વિકદષ્ટિ ઉપર સ્થિર થાય, તે બતાવ્યું છે. સમ્યગ્દષ્ટિ મિથ્યા શાસ્ત્રોને સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમાવી શકે તેવો તાકાતવાળો હોય છે.

નામસ્થાપના દ્રવ્ય અને ભાવમાં 'ભાવ' વસ્તુ જ આત્માને હિતકારક છે. બાકીના ત્રણે સાધનો છે. પણ તે 'ભાવ–વસ્તુ સ્વરૂપ' વગરનાં હોય તો ઉલૂણુ વગરના ધાન્ય જેવાં છે. એ પણ લેખકે ઠીક બતાવી આપ્યું છે. લોકસંજ્ઞાનો ત્યાગ શ્રીમદ્ ઉપાધ્યાયજી યશોવિજયજીએ પ્રદર્શિત કરેલો છે. તેને લગતી હકીકતનું સામાન્ય સ્વરૂપ આ પુસ્તકમાં છે. લોકસમૂહનો અભિપ્રાય હંમેશાં સત્ય નિર્ણય ઉપર અવલંબતો નથી, જ્યારે આદર્શ જૈનને ધર્મશાસ્ત્રોના નિયમાનુસાર—પરમાત્માની આજ્ઞાનુસાર—ચાલવાનું હોઇ અંતઃકરણને સરળ કરી તે કહે તે પ્રમાણે વિશુદ્ધિમાં પ્રગતિ કરવાનું હોય છે.

શ્રીમદ્ દેવચંદ્રજી 'જિન પડિમા જિન સારખી કહી સૂત્ર મોઝાર' એ વાકય વડે પ્રભુની પ્રતિમાના ઘડતરના વખાણ કર્યા નથી, પરંતુ તે પ્રતિમાજી કે જે જડ છે તેમાં પ્રભુના આત્માના ચૈતન્યનું આરોપણ કરી સાક્ષાત્ પ્રભુ મનાવ્યા છે: આદર્શ જૈન પ્રભુની પ્રતિમામાં પ્રભુનું ચૈતન્ય જૂએ છે અને એ રીતે પોતાના આત્માના ચૈતન્ય સાથે પ્રભુના ચૈતન્યનો મેળાપ કરે છે. તીર્થંકરો, ગુરૂઓ અને આગમો માર્ગસૂચક છે. મુક્તિ તો, તેમનો આદર્શ સન્મુખ રાખી પોતાના આત્મામાંથી પોતે જ પ્રકટાવવાની છે. આત્મા પોતે ઉપાદાન કારણ છે અને તે સિવાયનાં તમામ નિમિત્ત કારણો છે. **આત્માની પોતાની તૈયારી હોય તો પોતે જ મૂર્ત્તિનાં ભીતરમાં ચૈતન્યને જોઇ શકે છે, અને તે આત્મા પ્રબુદ્ધ થઇ શકે છે:**

"આદર્શ જૈન" માં જણાવ્યા મુજબ પોતે પોતાના દુર્ગુણોના વાઢકાપના ડૉકટર થવાનું છે. શ્રીમદ્ આનંદઘનજીએ પ્રભુમાં કરૂણા, કોમળતા, અને તીક્ષ્ણતા રૂપ વિરોધી સદ્દગુણો કહેલા છે. આદર્શ જૈનને આ સદ્દગુણો પોતાનામાં અપનાવી લેવાનો ઉમેદવાર હોય છે. પોતાને અને પરને માટે વિરોધી સદ્દગુણો સાચા જૈનને જૂદા જૂદા દૃષ્ટિ બિંદુઓ (point of view)થી ખીલવતાં આવડે છે.

જ્ઞાનયોગ આગળ ભક્તિયોગને, શિખર આગળની તળેટી સદૃશ કહી છે તે ઉચિત લાગે છેઃ કેમકે ભક્તિયોગ એ દર્શનનું સ્વરૂપ છે. જ્યારે જ્ઞાનયોગ એ સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ છેઃ શ્રદ્ધા પછી જ્ઞાન, આત્માનું અનેકગણું બળ વધારી મુકે છે અને શિખર ઉપરની દૃષ્ટિપાત્ કરાવે છે. જૈન 'યૌવન' ને સંયમથી નોતરે છે એ વાકયમાં ભાઈશ્રી બંસીએ 'યૌવન રૂપ ગોધા (Bull) ની ઉત્કટતા દર્શાવવા સાથે **આદર્શ જૈન** તેને સંયમ–મર્યાદાપુર્વક કબજે રાખી શકે છે.' એ ભાવાર્થ અન્વય વ્યતિરેકથી અચ્છી રીતે કલાકારને છાજે તેવી શૈલીથી સચોટપણે સમજાવ્યો છે.

વ્યાવહારિક સ્થૂલ જીવનમાં પોતાના જીવનની સમાપ્તિ માનનારાઓને આદર્શ જૈનના અનેક વાકયો સ્વપ્નસેવી અને વર્તનમાં મુકવા અશકય ભાસશે ! પરંતુ મનુષ્ય ધારે તો શું કરી શકતો નથી ? ધર્મ અને સમાજ વ્યવસ્થા, બન્નેનો વિભાગ જૂદા જૂદા દૃષ્ટિબિંદુઓથી રચાય તો જ આદર્શ જૈન પ્રકટી શકે. **શું જૈનમાં નિર્માલ્યપણું સંભવી શકે ? હરગીજ નહિં.** નિર્માલ્ય આત્મા જે પોતાના નજીકના સંબંધીઓ ઉપર સહનશીલતા ધારી શકતો નથી, ગુસ્સા ઉપર કાબુ રાખી શકતો નથી; લાલા લાજપતરાયના દાર્શનિક આક્ષેપ અનુસાર સાચી અહિંસા–હિંસા સમજી શકતો નથી, નાનાં જીવોને બચાવી મનુષ્ય પ્રાણી તરફ નિર્દય બને છે, કૌટુંબિક કલહ અને અદેખાઈવાળું સંકુચિત જીવન ગાળે છે, તે નિર્માલ્ય આત્મા સ્વતંત્ર રીતે મુક્તિ પ્રાપ્ત કરવાને નાલાયક છેઃ અને આદર્શ જૈનના વસ્તુ સ્વરૂપને પણ પહોંચી શકતો નથી.

ભાઈશ્રી બંસીએ 'જૈન ભાવના' દ્વારા ભાવનાસૃષ્ટિ અને આદર્શ સૃષ્ટિ ઉભયનો સુંદર મેળાપ ઠીક સર્જ્યો છે, તેમજ **भवतु सर्वेषां कल्याणम्** એ વાકય સાથે આદર્શજૈનનું

જીવનનું પુસ્તક સમાપ્ત કર્યું છે એ પણ જૈનદર્શનના માખણ રૂપ મૈત્રીભાવનાનું સ્વરૂપ બનાવી યુગદષ્ટિ સાથે વિશ્વ-દષ્ટિનો સહયોગ સાધ્યો છે.

*　　*　　*

આ પ્રવેશક સમાપ્ત કરવા પહેલાં એક હકીકત નિવેદન કરવાની છે, તે એ કે આદર્શ જૈનના નાનકડા પુસ્તકને આટલો લાંબો આમુખ શા માટે ? એ પ્રશ્ન ઉપસ્થિત થવા યોગ્ય છે. તેના ખુલાસા તરીકે જણાવવાનું એ છે કે ભાઇશ્રી બંસીનું પ્રસ્તુત પુસ્તક જો કે અલ્પ સંખ્યાવાળા પાનાંઓનું ગણી શકાય છતાં પણ તેમાં રહેલી જૈન–આદર્શની સત્ય સૃષ્ટિ ઘણી વિશાળ છે. અનેક ગૂઢ ગૃહસ્થોથી ભરપૂર છે. તેથી તેમાં રહેલાં રત્નો કોઇ કોઇ યથાશક્તિ ખોળી કાઢી ઓળખાવવાની જરૂર જણાયાથી, તેમજ તેમના આદર્શ જૈનની મનોરથસૃષ્ટિ પ્રકટાવવાની પ્રતિભાપૂર્ણ કલમને મારી વિનીત કલમ ન્યાય આપવા અસર્થ હોવા છતાં તેમના સદાગ્રહવાળી પ્રેરણાથી પ્રેરાઇને પ્રસ્તુત આમુખ લખવામાં આવ્યો છે. ભાઇ બંસી હજી ઉછરતા યુવક છે. ભવિષ્યનું નવયુગસર્જન સંસ્કારી યુવકો દ્વારાજ થવાનું છે; જો કે કોઇ કોઇ સ્થળે આદર્શ જૈનની શબ્દ-રચનામાં ‘ નગ્ન સત્યો ’ વધારે ઉત્કટ ભાષાના વાહન ઉપર વાપરવામાં આવ્યા છે. પરન્તુ તે સાથે જ એમની નાની વયમાં એમનું ઉંડું નિરીક્ષણ અને સત્ય ઉપર પ્રીતિ એટલાં ભવ્ય છે કે એ ભાઈ ભવિષ્યના સાહિત્યના સર્જનમાં અગત્યનો હિસ્સો આપી શકશે એ નિર્વિવાદ છે.

હું માનું છું કે ભાઇશ્રી બંસી આટલેથી જ સંતોષ ન પકડી લેતાં પોતાની તેજસ્વી કલમને આગળ ધપાવે અને આવાં અનેક આદર્શો પ્રકટાવવા શક્તિમાન્ થાય ! અસ્તુ !

ભાવનગર
અષાઢ વદી ત્રયોદશી રવિવાર. } **ફતેહચંદ ઝવેરભાઇ શાહ.**

આદર્શ જૈન

શાંતિ ! શાંતિ !
સકળ વિશ્વની શાંતિના ચાહક,
અય ચેતનભરી શાંતિના શાણા દૂત !
પ્રભાતના ખીલતા કમળ,
જીવનપ્રતિભાના પૂજારીઓની
ભક્તિના ઓ અધિકારી પુરૂષ !
નવજીવનનું મધુર ગાન લલકારનાર
પ્યારા સનાતન સંગીતશાસ્ત્રી !
સ્વાગતમ્ ! સ્વાગતમ્ !

* * *

ક્ષાત્રધર્મની ગરવી ગીતા સુણાવનાર,
દિલદિલમાં દીપક ચેતાવનાર,
આનંદની લ્હેરો સ્ફુરાવનાર,
અજ્ઞાન નિદ્રામાંથી જગાડનારી
ઓ પ્રેમળ જ્યોત !

* * *

વીરયુગના પ્રધાન પુરૂષ–
મેરૂને ડોલાવનાર મહાવીરના સુપુત્ર !
મોક્ષમાર્ગના પ્રવાસી
પવિત્ર ને મોહક પ્રતાપવંતા પુરૂષ !

* * *

ભીરૂ ને નિર્બળ બનેલા
બાળા ને ઠીંગણા થયેલા
નિસ્તેજ ને બડબડાટભર્યા
સમાજ, રાષ્ટ ને વિશ્વમાં
નવચેતનની, નવઆદર્શની ગંગા વહેવડાવનાર
અય ! બખ્તર સજીને નિકળેલા
અલમસ્ત બહાદુર યોદ્ધા !

* * *

ઓ મધુરતાની મીઠી મૂર્તિ,
માનવતાના આદર્શ પ્રતિનિધિ,
જૈન સંસ્કૃતિનાં શ્રેષ્ટ તત્વોનો સમુચ્ચય,
ભાગ્યશાળી નરોત્તમ !

* * *

જીવનનાં આકરા આદર્શો
સેવનારા ઓ જબરા ઉપાસક !
ઉગ્ર તપશ્ચર્યા ને યાતનાઓ
વેઠનારા કાળજૂના યોગેશ્વર :
સ્વગૌરવની પરમ જ્યોતિ,

ચેતનવંત શિખાઓથી જ્વલંત
સ્વાતંત્ર્યની સાક્ષાત્ મૂર્તિ,
એ દુનિયાના દિલારામ.

* * *

નિજાનંદમાં મસ્ત એ ગુલાબ !
સિંહણદુધને જીરવનાર કનકપાત્ર,
ફૂંફાડા મારતા વિષધરોને
શાંત કરનાર અય બાહોશ જાદુગર !

* * *

'જયશક્તિ'નાં પ્રચંડ સૂસવાટથી
Wall દિવાલોને તોડતી હવા !
સૌંદર્યબાગના ચતુર માળી,
વિશ્વધર્મોનું પવિત્ર મંદિર.

* * *

નવપ્રભાત શા શાંત ને મોહભર્યા
તાજા ખુશનુમા એ પુષ્પ,
ચારિત્રની મોહકતા પાથરનાર
વાસનાને જીતવા નિકળેલા શૂરા સૈનિક !
સંકટોને વીંધી દોડનારા
અનંત બળના ધણી—
સિદ્ધશીલાના એ ઉમેદવાર
પ્રસન્ન ચ્હેરાનાં તેજસ્વી વીરઃ

* * *

સબુર કર !
જરા શાંતિ !
શાંતિ ! વીરા શાંતિ ! જરા થોભી જા !
તારી યશગાથા ગાવા દે !
આ પ્રતાપી ને પ્રેરણાદાયી
જીવનમાંથી તેજ સૌને પીવા દે !
સૃષ્ટિનાં હૃદયમાં
નવો પ્રાણ ફૂંકાવા દે !
જીવનખંડેરોમાં પડેલાંઓને
સાચા જીવનની કળા ખીલવવા દે !
અજ્ઞાનસાગરમાં ડુબતાં જનોને
તરતી નૌકા પર ચડવા દે !
જીવનનાં ઉન્નત પગથાર પર
ચડતાં યાત્રિકોનું યાત્રાધામ શોધવા દે !
તારી અલૌકિક શાંતિમાં
જીવનનો બધો થાક ઉતરવા દે !
કળાવિહીન કંગાળોને
જીવનકળાથી સમૃદ્ધ થવા દે !
એ ખીલતા પ્રભાતનાં રંગોથી
રાતના અંધારા ઉલેચવા દે !
સંસ્કૃતિનાં રૂંધાતા માર્ગને
અનંતશક્તિથી સાફ કરવા દે !
માનવતાનાં દિવ્ય આર્ષદર્શન
પ્રત્યક્ષ કરવા ઝંખનારને સંતોષવા દે !

શૂરવીરોનાં ક્ષાત્રતેજ સાથે
અહિંસાનાં અમૃતસંગમ જોવા દે !
જૂઠા અધ્યાત્મને સ્થાને
સંયમ ને ચેતનના તણુખા ઝરવા દે !
વિશ્વનાં ક્ષુદ્ર મોહ ને વિખવાદો બદલે
સુધાનું સિંચન બસ ! થવા દે !

* * *

સબુર કર, વીરા !
સબુર,
દુનિયાની તું અમર આશા છે:
ઉભો રહે ! વીર, હું તને દોરી લઉં ?
સ્મરણપટથી. કાગળ પર ઉતારી લઉં.
ઉતારૂં છું....પણ....
પણ આ તેજ ને પવિત્રતા આગળ
કલમનાં ગર્વ ગળી જાય છે:
પવિત્રતાના હીમાળા પાસે
વિચારોનાં પુદ્દગલ ઠરી જાય છે:
પ્રિય પુરૂષ ! આદર્શ વીર ! સાચા જૈન :
તારા પવિત્ર ઉરમાંથી—
હૃદયના પવિત્ર કોણમાંથી
આ પીંછીને—કલમને ય
યશના આશીર્વાદ આપ ! વીરા !

* * *

આ અનંતની મુસાફરીએ નીકળેલા
ફાળ ભરતાં કેસરી સ્વાર ! સબૂરી પકડ !
આ કેસરીની કેશવાળી
જરા ઢીલી પકડ !
તારૂં આ રમ્ય ને મનહર
ચિત્ર મને ચિતરવા દે :
ચીતારાની બુદ્ધિને થાક ચડે,
અદ્ધવચ્ચેથી પીંછી પાછી ફરે છે.
પણ પીંછીને અનંતકાળની
ક્ષુધાને અંતેજ આવું એકાદ મિશ્રણ મળે,
કેમ છોડાય ?
વીર ! તેજસ્વી વીર !
ચિતરવા દે, તારા સ્વરૂપને:

* * *

દુનિયા સાંભળજે !
જૈનનું લોહી અદ્દભૂત છે.

* * *

શક્તિમૈયાનું મંદિર તે 'જૈન' છે.
જયશાળી તત્વની ગુફા
તે 'જૈન ધર્મ' છે.
'જૈન' નામ ભૂલો,
જન 'વસ્તુ' સમજો,
જીતવાનો જેનો મંત્ર તે જૈન.

* * *

જૈન એટલે અજેય,
સૌને જીતવાની પ્રકૃતિવાળો.
જયને શોધવા સતત મથનારો
તે સાચો 'જૈન'.
નિર્જીવ સૃષ્ટિની કોઇ સજીવ મૂર્તિ
સ્વાધીનતાની ભાવનાનો પૂજારી,
કર્મયોગનો ઝુંડો ફરકાવનાર
તે સાચો જૈન:

* * *

"જૈનત્વ" એ આત્માની સ્થિતિ છે:
આત્મા કસાય તેમ 'જૈનત્વ' ખીલે:
'જૈન' કોઈ જાતિ નથી, ધર્મ છે.
Race જાતિસૂચક નહિં,
Life જીવનસૂચક ભાવના છે:
'જૈન' કોઇ વ્યકિતનો,
કે ટોળાંનો 'રીઝર્વડ ડ્રેસ' નથી.
સમૂહસૂચક નહિં, પણ ભાવસૂચક છે:
જે ધારે તે વ્યકિત 'જૈન'!
"જૈનત્વ" જેને વરે તે જૈન,
દિવ્યતાનાં ગગનચુંબી શિખરો પર
ચડવા દોડનારો તે જૈન.
દિવાલોમાં ગોંધાનારો તેજ અજૈન!

* * *

'જૈન' ને જાતિનું બંધન નથી,
પ્રકૃતિજ જૈન 'ઘડી' શકે છે.
કો દેશ, પંથ કે જાતિનો
કોઇપણ જયવંત પુરૂષ તે 'જૈન'!

* * *

(આત્મ) આઝાદીનો મંત્ર ફૂંકનાર
પ્રત્યેક માનવી 'જૈન',
પરતંત્રતાની બેડીઓમાં રમનારો
પ્રત્યેક અજૈન:

* * *

એકાન્તમાં યોગ કરનારા
યોગીઓ દુનિયામાં બહુ યે છે:
સમુદાય વચ્ચે ઉભા રહી
'સામાયિક' કરનાર એક જ વીર 'જન' છે:

* * *

ક્ષત્રિય વંશનો એ પુરૂષસિંહ છે:
શૂરવીરતા નીચે સાધુતા ટપકે છે:
મગજમાં ઠંડી છે, હાથમાં ગરમી છે,
ભયંકર યુદ્ધોની વચ્ચે પણ
Cold Headed શાંત ચિત્તનો સૈનિક છે:
કોઈ ટોળાં કે પંથનો ઘેટો નહિં,
'વાડાવાડી' નાં પીંજરનું પંખી નહિં,
એ તો વનરાજ છે ખુલ્લાં વનોનો!
જેલની દિવાલો

'વેટાં' માટે જ મુબારક હો !
વનરાજને બંધન શા ? દિવાલો શી ?
સિંહણસુતને તો સ્વતંત્રતા જ પ્રિય હોય !
સ્વાધીનોને જંજીરો શી ?
શ્વે૦ દીગં૦ ને સ્થા૦ ના લેબલો શા ?
નિર્બળતાનું સંતાન–'ગુલામી'માંથી જ
'વાડાવાડી'ઓની બેડીઓ ઘડાય છે.
એને તોડવી એ જ 'જન'નું કાર્ય.
ઉછળતા ચૈત્યન્યને કઇ દિવાલો ખાળી શકે ?

* * *

જૈનની જીંદગીનું લક્ષ્ય
Will to Victory છે :
લક્ષ્ય સાધના કાજે
Will Power સહાય ખીલવે છે :
દુનિયાની એક જ એ રાણી છે–
Ruling Power—
Will to power.
પ્રબળ ઇચ્છાશકિત,
યોદ્ધાનું એ જ મજબૂત શસ્ત્ર છે.
વિજેતાની એજ સાચી સહચરી છે:
Will Power is only
the ruling principle
of the said jain—
or Victorious world. તેથી,

જૈન પળે પળે Will–ઇચ્છાને મજબૂત કરે છે:
દુનિયા એનું Struggle field છે.
સતત સંગ્રામસ્થાન છે:
લડાઇમાં જીતતાં જીતતાં
એક પછી એક ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરવી
એજ લડાઇનું લક્ષ્યકોણ છે:

* * *

જીંદગીને વર્ષોથી નહિં, પણ
'જય'નાં પગથીયા પરથી માપે છે:
પહેલાં 'પોતાને' જીતે છે,
પછી જગત પર દૃષ્ટિ ફેંકે છે:
જૈનની પ્રકૃતિમાંથી
આનંદ, શક્તિ ને પ્રેમમાંથી
સર્વે 'શાસ્ત્રો' જગતમાં જન્મે છે:
દુનિયા, યુદ્ધ ને જીંદગી
ત્રણે તેનાં એક સ્વરૂપ છે.
આનંદઘનજી યોગીનાં
મસ્ત અમીરસ ઝરણાં
ઝીલનારી એ જ ભૂમિકા છે.
સંગમદેવનાં ઉપસર્ગો
સહનારી એ જ 'માટી' છે

* * *

જૈનનું ' હું ' વ્યક્તિમાં નહિં,
સમષ્ટિમાં જઇ સમાય છે.
દુનિયાના સર્વ જીવો
એનાં પ્રિય આત્મસ્વરૂપો છે !
જૈનઃ પહાડના શિખર જેવો છે.
સપાટીથી ઉંચો વસે, ને
લૌકિક વ્યવહારથી દૂર ' ઉડે " છે
દુનિયા કોઇક વાર
એનાથી ખૂબ જ ભડકે છેઃ—
કારણુ ?
People's Superstition
લૌકિક ધર્મ કરતાં
જૈનને—આદર્શ જનને
truth ' લોકોત્તર ' ધર્મમાં વધુ શ્રદ્ધા છેઃ

* * *

જૈનઃ—

વીરોના લોહીમાંથી
ઘડાયેલું એ બદન છે.
શત્રુનાં બાણોને શરમાવનારૂં
એનું અદ્ભુત હૃદય છેઃ
દુનિયાના ઉંચા, ખાનદાન
વીરતા ને સાધુતાભર્યો
આધ્યાત્મિક જીવનોનો એ સમુદ્ર છે.
'ડર' એના ' અમર્યાદ ' દુર્ગની બહાર પડયો છે.

'સંશય' એના પગ તળે નિરાંતે સૂતો છે.
આરામ તેના જીવનકોષમાં નથી.

* * *

એ સાચો જન–આદર્શ જૈન છે.
જેના મુખડાપર
ચંદ્રની જેવી શીતળતા હોય !
સૂર્યના જેવો તેજસ્વી ઝગમગાટ હોય !
મસ્તકની આસપાસ
ઝળહળતી તેજસ્વી પ્રભા
Halo of light
'જય'નાં સૂક્ષ્મ કિરણોથી આંજતુ રહે.
મનુષ્યનો બુદ્ધિવાદ થાકીને
એ તેજની આગળ
શિર નમાવી તહેનાતમાં ખડો રહે.

* * *

મુખમુદ્રા પર વસેલી ભદ્રિકતા,
તેજનાં કિરણ પ્રસરાવતું
એ મનહર કપોળ,
કાંતિ ને બળથી
થનથનાટ કરતું સુદૃઢ શરીર,
ખીલતું સૌંદર્ય ને જુવાની
જોનારને પણ જોમ ધીરે.

* * *

આંખોમાં વીરતાનું પાણી ઉભરાય;
એકમાં વૈરાગ્ય, બીજીમાં યુદ્ધ—
આત્મયુદ્ધના પડકાર સંભળાય,

* * *

પ્રેમાળ ને મોહક આંખો જ
જગતપર શાસન કરે,
આંખના ઇશારે
અગ્નિપર શાંતિના સિંચન કરે,
ચ્હેરામાં અમૃત એટલું હોય
કે જગત પી પીઇને વધુ તરસ્યું બને !
જીવન જેવા ગુલાબી ગાલોપર
બ્રહ્મચર્યનું નિશાન ફરકે.
શક્તિ, પ્રતિભા ને તેજથી
દુનિયાને તાજુબ કરે.
ભલમનસાઇ ને શુભ ભાવનાની રેખા
પાંપણુપર લ્હેરીયાં લ્યે,
સુશીલતાના ભારથી ભવાંઓ નમી પડે !

* * *

મુખના મૃદુ મરકલે
દુનિયાને ઝૂકતી કરે છે.
દુઃખનો લીસોટોય કરવાની જગ્યા એના
આનંદમસ્ત ચ્હેરા પર ખાલી ન હોય !

* * *

જૈન ગંભીર છે, આનંદી છે.

ગંભીરતા ને આનંદના મિશ્રણથી જ
તેનું કલેવર ઘડાયું છે.
ગંભીર ને હસતી ચક્ષુઓમાંથી
મધુરી રતાશનાં શેરડા ફૂટે.
નસનસમાં જીવંત લોહીના ધબકારા થાય.
જીભની મીઠાશે પત્થર પણ પીગળી જાય.
સૌમ્ય, શાંત ને વીરતાભર્યાં
સુવચનો સોંસરા ઉતરી જાય.
સ્વાર્પણની રોશની
શ્વાસોશ્વાસમાંથી જ પ્રગટી રહે !

* * *

જૈનનાં જીવનમાં

અડગ ધૈર્ય ને અખંડ શાંતિ છે.
પુણ્યભાવનાનાં આંદોલનથી
સકળ ચેતનને પાવનકારી બનાવે છે.
હેતભર્યાં નયનોમાંથી
વિશ્વપ્રેમના વહેળા વહે,
મનની પવિત્રતા ને
સૌમ્ય પ્રકૃતિનું ત્યાંથી દર્શન થાય !

* * *

જૈન બોલે થોડું, પણ ખૂબ મીઠું,
જાણે અમૃત ઝરે છે, પીઈ લઈએ.
તેની મૃદુ વાણી કઠોરમાં કઠોરને પણ
ભેદી નાંખે તેવી મર્મભેદક લાગે.
સૌને ચ્હાય, ને ચહાવે.
મધુરાં વચનોથી વિશ્વને વશ કરે.
વીર્યનો સંગ્રહ એ તેનો ખજાનો છે.
વીર્યને ફોરવવાનું ક્યાં,
એ જૈન જાણે છે:
વીર્ય વિના મનુષ્યત્વ ન ઘડાય,
મનુષ્યત્વના સાધકનો પહેલોજ એ ધર્મ છે.
સંગ્રામમાં જ વસનારો–જૂઝનારો જૈન
વીર્ય વિના સંગ્રામ કેમ જીતે ?

* * *

ધૂમમસ્લોની મસ્તી કરી જાણે છે.
છતાં ક્યાં શાંત રહેવું,
ક્યાં "ગમ ખાવી" તે સમજે છે.
જીવનથી ને જીગરથી
મોક્ષ, સ્વતંત્રતા, મુક્તિનો એ ચાહક છે.
દિવાલો–પરતંત્રતાનાં પડદાઓને તોડે છે:
સ્વાતંત્ર્યભાવનાને
જીવનની જંખના બનાવે છે.
નાડીઓમાં બસ,
એકજ મુક્તિનું રૂધિર વહાવે છે.

જાતિ, સમાજ ને રાષ્ટ્રોદ્ધારનાં
કિમીયા તેના ખીસ્સામાં છે.
મુક્તિ સાધતાં મૃત્યુ આવે તો
મૃત્યુનું ઓસડ મૃત્યુમાં જ શોધે છે.
ભાષાને સ્પર્શતા પહેલાં
આંખને સર્વત્ર અજમાવી લ્યે.
કર્તવ્યની ઉગ્રતાથી દુશ્મનને આંજે, ને
જીવનની પવિત્રતાથી સિદ્ધિઓ સાધે:
પ્રખ્યાતિને પીઠ દઇ મહત્તાને પૂજે, ને
જીવનના છુપા ઝરાઓ
ચોમેર ભક્તિ ને પ્રીતિ પ્રેરે છે.

* * *

શક્તિ ને સ્વતંત્રતાનું ખૂન
તેનામાં ઠેકડા મારે છે.
વિજયને વરવા
તે આત્મશક્તિઓ સ્ફુરાવે છે.
પરાઇ સહાય સ્વીકારવામાં
આત્માનું અપમાન સમજે છે:

* * *

અનેકવિધ અને વિરોધી
પ્રકૃતિને એક પીંજરામાં પૂરે છે.
માનસશાસ્ત્રીઓ પણ
ગુંગળાય ને ગુંચવાય
" આ તે કઇ પ્રકૃતિનો માણસ ?

ચોદ્ધા કે યોગી ?"
યોદ્ધા ને યોગી બન્ને,
સાધુ ને સેનાપતિ બન્ને !

* * *

જૈન ઉંડા છે, અતિ ઉંડા છે.

છીછરો નથી, ઉભરાતો નથી :
એનાં અતળ ઉંડાણુમાં જ્ઞાન છે,
શકિત ને શાંતિ ભરી છે,
ક્ષમા ને પ્રેમ પડયા છે,
ધીરજ ને શાૈર્યતા છે.
શ્રદ્ધા ને નિર્દોષ ભકિત છે.
પ્રેમ એનાં ઉંડાણુનો ઉચ્ચતમ આનંદ છે.
એનું જ્ઞાન દુનિયાને ચોમેરથી તપાસે છે.
શકિત ભૂતકાળનાં સ્વપ્નાંને
વર્તમાનમાં સિદ્ધ કરવા ઇચ્છે છે,
ને ભવિષ્યનો આકાશી મિનારો ચણે છે.
સાંપ્રદાયિક ટુંકી દૃષ્ટિનાં બદલે
વિશ્વના ઉંડા ભાગમાં દૃષ્ટિ વળેલી છેઃ
આથીય મીઠો ને મોંઘો
ખજાનો જૈનમાં અપ્રકટપણે પડયો છે.

* * *

જૈનનાં પગલાં પડે ત્યાં

કલ્યાણ પથરાય,

શબ્દો સરે ત્યાં શાંતિ છવાય.
બળબળતા બપોરે પ્રભાતની લ્હેરો આવે.
જૈનનો સહવાસ
સૌને અજબ શાંતિ આપે.
તેના ગુલાબી હાસ્યનાં ફૂલો
જીવનને સુગંધિત બનાવે,
તેની દરેક પ્રવૃત્તિ
જીંદગીમાં રસ ને કલા ભરે.

* * *

એ રોતલ દુનિયા,
લડી લડીને થાકેલી દુનિયા,
એક વાર આવ !
વર્તમાન વિખવાદોથી વિરમી આવ !
કોઈ પવિત્ર પુરૂષ—
તેજસ્વી પુરૂષોત્તમની છાયામાં !
'જૈન'નો ભેટો એ તારૂં સદ્ભાગ્ય છે !

* * *

શક્તિ ને સૌરભનો
થનથનાટ કોને ન આકર્ષી શકે ?
કોને નહિં શાંતિ આપી શકે ?

* * *

ઇંદ્રોનાં ઐશ્વર્ય પણ
જૈનની તપશ્ચર્યાને તોડી શકે નહિં.

રંભાના પ્રલોભનો—મેનકાનાં નાચો
'જૈન'ને નચાવી શકે નહિં.
તે સૌંદર્યને સમજી શકે છે,
સૌંદર્યને મ્હાણી જાણે છે.
સૌંદર્ય તત્ત્વોનો જ એ
અટલ 'અભ્યાસી' છે.
બ્હેનના સૌંદર્યને જે પવિત્ર ભાવનાથી જુએ,
એજ પવિત્ર મનોહરતાથી
સૃષ્ટિનાં સર્વે તત્ત્વને—રૂપને નિહાળે.
પ્રેમ કરી જાણે છે તે 'જૈન',
પણ મોહને સમજતો જ નથી.
મોહ એટલે આત્માની પરવશતા,
પ્રેમ એટલે આત્માની ખુશબો:

* * *

જૈનનાં જીવન પાછળ 'ધ્યેય' છે,
તેથી એ 'જીવનકળા' ખીલવે છે.
એના સામર્થ્ય પાછળ સિદ્ધાંત છે,
તેથી એ સુગંધિત લાગે છે.
તેની ભાવના પાછળ આદર્શ છે,
તેથી એ ભવ્ય ભાસે છે:
શુદ્ધિની વાયુલહરી
જીવનમાં તેજ—રંગ પૂરે છે.
સિદ્ધાંતની અચળતા

તેના સામર્થ્યને વધારે છે–
નિત્ય નૂતન સ્ફૂર્તિ લાવે છે.
આદર્શની અખંડ પૂજા
તેનામાં કાર્યનું બળ પ્રેરે છે.
અલકાપુરીનાં કુબેરભંડારો
તેની માનસિક સમૃદ્ધિ પાસે તુચ્છ ભાસે છે.

* * *

પૃથ્વીનાં ફેરફારોનો એ સાચો સમાલોચક છે.
દરેક સુંદર પ્રસંગો તેના
જીવનને નવદીક્ષા આપે છે.
સંધ્યાના રંગમાં મોહાય નહિં.
લાગણીનો દોર્યો દોરાય નહિ;
ઠગારા રંગોને તો "બનાવે" છે.
feelings લાગણીને તે નચાવે છે:
લાગણી કે ઠગારી માયા
'જૈન'ને નચાવી શકે નહિ.
કારણ thoughts & feelings,
એ બન્ને તેના પાળેલાં કુતરાં જેવી છે.
લાગણીઓ ઉભી થતાં આજ્ઞા દઈ દબાવી શકે છે.

* * *

જૈનના દાંપત્યમાં વિલાસની બદબો નથી,
પવિત્ર પ્રેમની સુષ્ટિ છે.
વિકાર નહિં, રસ ઝરે છે,

મોહ નહિં, વાત્સલ્ય વહે છે.
વિલાસને સુખ માને નહિં
પણ અઘોરીઓની ગાઢ નિદ્રા :
મીઠી નિંદરમાં તો
અઘોરીઓનો ઘાત જ થાય ને !
'જૈન' સદા જાગતો છે.

* * *

જૈન ! બાળવયે પરણવામાં
એ પોતાનો ને
વિશ્વનો 'આત્મઘાત' થતો સમજે :
કારણ,
બહાદુર પુરૂષ તેથી નથી પાકતો,
વિશ્વનો માનવછોડ એથી કરમાય છે,
ઇચ્છાશક્તિનો ઝરો સૂકાય છે,
શક્તિને બદલે નાજુકાઇ પૂજાય છે,
અને એ પાપ છે—મહાપાપ છે ! !

* * *

આદર્શ 'જૈન'નાં લગ્ન
બહાદુર પત્ની સાથે હોય.
સાહસિક વાણીયો—વહાણીઓ
ગમે ત્યાંથી શોધીને
ગુણવંતી ગુણસુંદરીઓ પરણે.
"મનુષ્યત્વ"ને—મનુષ્યત્વને જ માત્ર

ખીલવનારી ભૂમિકા તપાસે.
કસાયલા બદન ને
મજબૂત મનની સ્ત્રિઓને જ વરે.
જેની સાથે દિવ્યપ્રેમથી જોડાઇ રહે,
ક્ષત્રિયોચિત પ્રેમ ધારી શકે, ને
વ્યાપારિક પ્રેમ —
બજારૂપ્રેમ, વ્યવહારીયા માટે રાખેઃ

* * *

રસ, યૌવન ને શક્તિથી ભરપુર
અખંડ રસસમાધિ સેવીને
સંસારના પ્રયાણ આદરે.
સંસારનો પથ કાપતાં
પૃથ્વીનાં ખોળે અનુપમ 'સિંહસૂતો' ધરે.
વર્ષે વર્ષે 'ઘેટાંની' સુવાવડો કરવા કરતાં
બાર વર્ષે એક સિંહને જન્માવે.

* * *

બન્નેનાં દેખીતા સૌંદર્ય નીચે
પુણ્યભાવનાની ગંગા વહેતી હોય,
પરસ્પરનાં મિલનથી મધુરતા ઝરતી હોય,
યૌવનની તેજસ્વી શક્તિઓ ફૂટતી હોય,
ને શક્તિને કાબુમાં લેવાનો અદ્ભુત સંયમ હોય—
એવા આદર્શ યુગલ
અખંડ તપના અંતે

તેજસ્વી સંતાનની પ્રાપ્તિ કરી સમર્પે :
દુનિયાને દેવાંશી નર મળે.

*　　*　　*

જૈન યૌવનને પવિત્ર ધર્મ માને.
ધર્મ જેટલી પવિત્રતાથી યૌવનને જાળવે,
દોડતા યૌવનને
સંયમની લગામથી જોતરી દોડાવે,
પણ યૌવનને ઠંડુ પડતું જોઈ
સંયમની ખોટી મર્યાદામાં વિનાશ ભાળે.

*　　*　　*

સંકટો ને મુશ્કેલીઓની હદ
'જૈન' માટે ન હોય :
મુશ્કેલીઓને હસી જાણે તે જૈનઃ
વીર્યનાં ધગધગતા સ્તંભો પાસે
સંકટો શી બીસાતમાં ?
સંકટ એટલે તો
સંઘરેલા વીર્યને ફોરવવાનું
કુદરતે મોકલેલ પ્રિય ભાજન :
તેથી જ સંકટને તે સ્નેહથી સત્કારે છે,
વીર્યને કુદવાના ઓર્ડર મળે છે,
ને શરીરમાં ચેતન જાગૃત રહે છે.
વિજય મળે તો
ગુમાનની ખુમારી લાવે નહિં,
પરાજય કે શોકથી

હતાશ થઈ નિરાશાથી રડે નહિ,
જૈન તો પડે ને ઉભો થાય,
ભાવિ આત્મશુદ્ધની
ભૂમિકા સદાય ખેડતો રહે :
પડવું ને ફરી ફરી ઉઠી દોડવું,
એ જૈનની સનાતન લ્હેજત છે.
હર્ષ ને શોક: તેની હથેલીમાં
રમાડવાના એ જીવન-રમકડાં છે.

* * *

'જૈન'ને સ્થૂલ સત્તાની પરવા નથી.
તેનાં વ્યક્તિત્વની પ્રતિભાજ
અગોચરપણે સર્વત્ર સત્તા જમાવે છે.
સત્તામાં શાણપણ દાખવે છે.
ધનનો આદર્શ સમજે છે.
પ્રકૃતિનાં ખેલો આનંદથી ઉકેલે છે:
પાપોનો સ્વીકાર,
એ ભોળા દિલનો આરિસો છે :
ક્ષમાનો ગુંજારવ
એ 'વીર'નો મહામંત્ર છે:
એના મનની સમૃદ્ધિ મહાન્ છે.
ચિત્તની શાંતિ અકળ છે.
આત્માનો અવાજ
સુણવાની શક્તિ સુંદર છે.
લોક massesનો માનસ-ફોટો

એક હોય નહિં, રહે નહિં,
એ તો સિનેમા જેવો ફરસો છે.
લોકોનાં–વ્યવહારના આમ્ અભિપ્રાય પર
જીવન જીવનારા
જીવન ‘ જીવતા ’ નથી;
પણ જીવનને ‘ઘસડયે’ જાય છે.
આત્માનો પેગામ–એજ જીવન:
એ વાત ‘ જૈન ’ જાણે છે.

* * *

જ્ઞાનનાં ચક્ષુથી

દુનિયાને જ્ઞાન તરફ દોરે છે.
આત્માની પ્રસન્નતામાંથી
અમૃતધારાઓ છોડી પીવડાવે છે.
સર્વ જીવો સહ એકતા સાધી
દુનિયાને એકતાની હુંફ આપે છે.
ઉત્સાહમાં સદાય દોડતાં રહી
દુનિયાને દોડતી બનાવે છે:
ચેતનાનંદના અંતિઆળા પાણી પીઈ
સૌને ગતિ પીરે છે.
ડરાવવા કરતાં કોઈથી ન ડરવામાં
એની બહાદુરી જોવાય છે.
તપશ્ચર્યાથી નિર્મળ થઈ
નિર્મળતાનો આદર્શ પઢાવે છે.

બ્રહ્મચર્યનાં કિરણો પીઇને
બ્રહ્મનું સ્વરૂપ બતાવે છે.
એ વ્રતને બંધન ન માનતા
સ્વતંત્રતાનું દ્વાર સમજે છે.
તેને નીરસ તપશ્ચર્યા ન લેખી
નિત્ય તેની ખૂબીઓનાં નવા દર્શન કરે છે.
પોતાને કપાવીને પણ
દયાનો ધ્વજ ફરકાવે છે.
પ્રેમીથી અલખ થઇ
ત્યાગનો ધર્મ સમજાવે છે.
મહાકષ્ટે પ્રાપ્ય લક્ષ્મી વેરી
દાનનું મહાત્મ્ય બતાવે છે.
દુશ્મનને પણ પ્રેમથી ભેટી
પોતાની દિવ્ય ભાવનાનું—
ઉદારતાનું દર્શન કરાવે છે.
વિચારો કરી મૂડદાળ નહિં, પણ
'કાર્ય' કરી મુક્તિ મેળવે છે.
પોતાના નવલોહી હોમીને પણ
સિદ્ધાંત ખાતર નૂતન સૃષ્ટિ સર્જે છે.

* * *

એના પવિત્ર મનના સ્મિત આગળ
ગુંચાયલા કોયડા સ્વતઃ ઉકલેલા છે.
મુંગા શબ્દોમાંથી સર્વત્ર

પ્રેરણા ને પવિત્રતાનાં ફૂવારા ઉડાડે છે.
વીરતા ને પ્રેમ વગરની
દરેક વસ્તુમાં એ મરેલો છે.
પરમાત્મા ને પ્રભુતા વિનાની
દરેક ચીજમાંથી દેશવટો લીધો છે.
પ્રતિપળે સંસ્કારનાં વહેળા
જીવનમાં ચોમેરથી વાળે છે.
સંસ્કારી થઇને વધારે સહિષ્ણુ બને છે:
ઉપર ઉપરનાં છાલાં ફેંકી
ધર્મ-પ્રભુતાના ગર્ભમાં આળોટે છે.

* * *

જૈનના' જ્ઞાનની-સાથે સંસ્કૃતિ ખીલતી આવે,
પ્રેમની સાથે નિર્મળતા વહેતી આવે;
દયાની સાથે દૃષ્ટિનાં વિવેક વિકસે,
સંયમની સાથે રસિકતાનો ઝરો ફૂટે.

* * *

જગતના ઉકરડા વચ્ચે
જૈન પોતાનો લીલો બગીચો રચે છે:
ચોમેરના દુર્ગંધી 'ડહાપણ' વચ્ચે
જીંદગીનો 'ઝરો' વહાવે છે.
જૈન હૃદયથી માને કે—
સ્વર્ગનો સ્રષ્ટા હું પોતે જ છું,

દુનિયાની કોઇ સત્તા
કે પરલોકનો કોઇ દેવ
મને મોક્ષ આપી શકે જ નહિં.
મને કોઇ 'તારી' શકે જ નહિં.
મને તારનાર મારો આત્મા જ છે,
તારનારનું રાજ્ય પોતાના આત્મામાં છે.
આત્મા એજ પરમાત્મા.
પરમાત્મા એટલે દિવ્યતા.
ને દિવ્યતા એટલે હુંજ."
એવી ભવ્ય તેની મનોદશા છે:
તે આદર્શ જૈન!

* * *

જૈનમાં
યુવાનની રસિકવૃત્તિ ને બળ હોય,
વૃદ્ધોનું શાણપણ ને વિરાગ હોય,
દીર્ઘદૃષ્ટિ ને અનુભવ હોય,
બાળકનાં ખીલખીલાટ ને ઉત્સાહ
જેવું ઉલ્લાસ,
શરીરમાં તાકાદ ખીલવવાની તાલાવેલી જાગે,
આત્માને કસવાના મનોરથ ફૂલતા હોય,
મૂર્તિમંત ચેતનતા ને શાંતિના
જ્યાંથી સજોડે દર્શન થાય.
યુગપલટાતાં જે દૃષ્ટિબિંદુઓ બદલી જાણે,
જુલમ સાથે બંડ ઉઠાવવામાં 'જીવન' સમજે!

* * *

સમૃદ્ધિથી ' જૈન ' ને ખરીદી શકાય નહિં,
ધમકીઓથી ડરાવી શકાય નહિં,
લોભોથી લલચાવી શકાય નહિં,
ખુશામતથી પણ જીતી શકાય નહિં.
સિદ્ધાંત આગળ એ સમૃદ્ધિને લાત મારે,
વીર્ય આગળ ધમકી હાસ્યપાત્ર નિવડે,
' કચ્છોટાબંધ ' આગળ લોભલાલના થથરે,
માનપાનનાં કીડાંઓને જ ખુશામતથી હણી શકાયં.
' જૈન ' સૌથી પર છેઃ
ખુશામત કરનાર સાંભળતો જાયઃ–
' ભાઇ ! આવું નીચ હથીઆર !
ક્ષત્રિયને હરાવવા શું સમર્થ છે ?
ક્ષત્રિય સામે તો તેજવાળા હથિયાર ઉગામ !
ખુશામત કરતાં તો નિંદા કર,
એ મને વધુ પસંદ છે :'

* * *

પત્થરના દેહને જૈન પૂજતો નથી,
પણ પત્થરના ભીતરને—
મૂર્તિના " અંદર "ને પૂજે છે :
ખૂબ શ્રદ્ધાથી પૂજા કરવી
એ મૂર્તિને—
મૂર્તિનાં સ્થૂળ દેહને,

કાલ્પનિક આકૃતિને
દૃષ્ટિ સમીપ રાખી
'વસ્તુ'ના ગર્ભને પૂજે છે.
એ મૂર્તિની દિવ્યતાનું-
એ મૂર્તિમંત પ્રભુતાનું પ્રતિબિંબ
પોતાની 'અંદર' ઉતારે છે.
પ્રભુનું-દિવ્યતાનું-પ્રભુતાનું
ખરૂં પ્રતિબિંબ પોતામાં ઉતારવું
એજ સાચી પૂજા :
એ પૂજ્યનો સાચો પૂજારી તેજ આદર્શ જૈન!

* * *

શક્તિમયાના સુકાન પાછળ
સાહસ એનાં રૂંવેરૂંવે છે,
શૌર્ય જૈનની નસેનસમાં છે.
શીલ એના અણુંયે અણુમાં,
ને સેવા એની પ્રબળ ભાવના છે.
બ્રાહ્મણ કે ક્ષત્રિય,
વૈશ્ય કે શૂદ્ર નામ જુદાં છે,
સૌનું સમાન સ્થાન છે,
કોઈ ઉંચો નીચો નથી
કોઈ નાનો મોટો નથી :
જીંદગીનું લક્ષ્ય મોક્ષ, અને
એ મોક્ષનો સમાન અધિકાર સૌનો છે.
એ પ્રભુસ્પર્શિન 'જૈન આત્મા' બોલે છે:

* * *

નિષ્ફળતામાં જૈન મૂઝે નહિ,
કે સાફલ્યતામાં રાચે નહિ.
આશાના સઢ કદી સંકેલે નહિ,
નિશશામાં નાવ ડુબાડે નહિ.
ભૌતિક સુખની લાગણીથી સંતુષ્ટ થાય નહિ,
દુઃખનાં આવિર્ભાવથી અકળાય નહિ.

* * *

વિષમમાં વિષમ સ્થિતિમાંય
આત્માનો પ્રામાણિક યત્ન જારી રાખે.
એ કહે છેઃ—
હું "Warrior યોદ્ધો છું.
જીતવા નિકળેલો અચળ સૈનિક છું.
કર્મ એજ મારૂં જીવન કૃત્ય છે.
જીતવું એજ મારો પ્રિય સિદ્ધાંત છે."
યોદ્ધાને આત્મયુદ્ધ જોઇએજ,
નહિ તો શક્તિ કટાય છે;
યુદ્ધથી શક્તિ કસાય છેઃ

* * *

દ્રઢતા ને શાંતિ
તેના યુદ્ધનાં બે અંગો છેઃ
વિનય ને શૌર્ય
એ તેનાં મજબૂત હાથો છે.

બુદ્ધિવાદની દાસીને
શક્તિવાદ—આત્મવાદ પાસે
ચાકરી નિત્ય કરાવે છે.
વાણીયાશાહી સમૂહમાં રોજ,
લડાયક ખમીર ભરે છે:
યુદ્ધ દ્વારા મનુષ્યોને
મહોનગીભર્યું જીવન જીવતાં શીખવે છે:
અહિંસા ને યુદ્ધની
ખરી મીમાંસા કરી
જગતને સાચું દષ્ટિબિંદુ બક્ષે છે:

* * *

સિંહના પિંજરામાં પેસી સિંહને હણે છે,
કાજળની કોટડીમાં જઇ
શ્વેત મુખે હસતો પાછો ફરે છે:

* * *

સામાયિક, દર્શન ને પૂજન
ઠંડાગાર થવા માટે નથી,
પણ............
સામાયિકની ‘ ક્રિયા ’ માંથી
સમતાની ‘ શક્તિ ’ મેળવવાની છે:
ક્રોધપર બ્રેક મૂકવાની ‘ કળા ’ જાણવાની છે.
સ્વપરનાં કલ્યાણની ખોજ કરવાની છે

વિઘ્નોને વશ કરવાના છે.
આત્મવિકાસ ક્રમશઃ સાધવાનો છે.
માનસિક ને વાચિક દોષો હણવાના છે.
શૂન્યતામાંથી ચૈતન્યતામાં પ્રવેશવાનું છે
ભ્રાતૃભાવની ભાવના કેળવીને
સાત્વિકતાનાં સુંદર દેશે વસવાનું છે.
તૃષ્ણાની તિજોરીઓ તોડવાની છે.
ઇષ્ટદેવનાં આદર્શો પોતામાં પ્રગટાવવાનાં છે.
સ્વાતંત્ર્ય, શોભા ને સામર્થ્ય
Freedom (Liberty of soul)
Grace & Spiritual Power
તેમાંથી સ્ફુરાવવાનાં છે.
સ્વરાજ્ય—આત્મ સ્વરાજ્યનો
મહાન્ આનંદ લુંટવાનો છે.
પર્વતો માથે તૂટતા હોય પણ
એકાગ્રતાથી ન ચળતાં—શીખવાનું છે:
આત્માને ત્રાસ પોકારાવે છતાં
ક્ષમાના ગુણો અરિઓને દર્શાવવાના છે.
ગુપ્ત રહેલી આત્મશક્તિને
આત્મબળ—Soul force થી જ
વિકસાવી, મોક્ષના દર્શન કરવાનાં છે.
આત્મસંશોધનનો સત્ય સાધવાનો છે, ને,
સ્વાવલંબનની સિદ્ધિઓ સમજવાની છે,

* * *

દર્શન ને પૂજનમાંથી પ્રતિપળે
દિવ્યતા ને ભવ્યતા પીવાની છે.
પવિત્ર લ્હેરોમાં ફરવાનું છે.
શાંતિના સામ્રાજ્યમાં પ્રવેશવાનું છે.
શ્રદ્ધાનાં જીવનને વ્યવહારમાં ઉતારવાનું છે.
તત્ત્વજ્ઞાનની બારિક પીછાન કરવાની છે.
દુનિયાનાં શૂદ્ર મોહ ને વિખવાદમાંથી
ચિત્તને ઉપાડી લઇ અંતરાભિમુખ બનવાનું છે.
તપ ને અભિગ્રહ
નિયમ ને બાધા
'સખ્તાઇ' શીખવા માટે છે:
'મજબૂત' બનવા માટે છે.
સુખશીળીયા થવા સારૂ નહિ.
એ સાચો જૈન બરાબર સમજે છે

* *

સબળની અનુમોદના ને
નિર્બળનો હાથ ઝાલી
ઠેકડા મારતાં શીખવવું,
તેમાં 'જૈન' પુણ્ય માને છે.
દયા કરી સહાય કરવામાં–
સહાયની સ્થિતિમાં સહાય ઝુરતો રાખવામાં
તે મહાપાપ લેખે છે:

* * *

નિર્બળતાને વિકસાવનારાં
સિદ્ધાંતો જ ખુદ પાપ છે :
એવું જૈન ખચીત માને છે.
જૈનના જીવનકૌશલ્યનો સરવાળો
આમ વિવેકભરી દયા–
દયાભરી શૌર્યતામાં શમ્યો છે :

* * *

જૈન એકાંતનો ગુલાબી લાલ છે, ને
સમુદાયના સ્વભાવનો
એ ચતુર ભોમીયો છે.
સૌને સત્કારે છે. માત્ર ધિક્કારે–
Meanness ot Soul–તુચ્છતાને!

* * *

સામાન્ય જનવૃંદોની
લાગણી અને બુદ્ધિને
ધારેલા રંગથી રંગી શકે,
કલ્પેલા ઘાટમાં ઘડી શકે,
એવો એ સમર્થ પુરૂષ છે :
એના એક જીવનમાં
અનેક જીવનનો ઇતિહાસ હોય,
બ્રહ્મત્વ ને ક્ષત્રિયત્વનો ત્યાં યોગ છે.
જ્ઞાનયોગ ને કર્મયોગનો સંયોગ છે.

રસિકતા ને વિરાગતાનો મીઠો મેળ છે.
જડતા ને નિર્બળતા
એની કલ્પનામાં ય નથી.
સંકુચિત દૃષ્ટિ ને વ્હેમો
તેના સ્વપ્નપ્રદેશમાંય નથી.
ઉલ્લાસ ને દુઃખમાં
સરખો સંયમ જાળવે છે,
ખોટી મર્યાદા કે
દંભભર્યો નૈતિક (!) સિદ્ધાંતોને
પહેલી તકે એ હણે છે.
જગતના Mysticism–ગુપ્ત જ્ઞાનના
ભંડારની ચાવીઓ તેના હાથમાં છે.
ગુપ્તદૃષ્ટા જઈને શુભ હેતુસર
(શુભ હેતુનાં પ્રદર્શન કર્યો વગર પણ)
દુનિયાને ઘણીવાર ભડકાવે છે,
દુનિયા–ગભરુતી દુનિયા જોઈ જોઈને
ભડકે છે ને સ્તંભે છે :
જાગે છે, ને દોડે છે :

* * *

પાપથી ડરે, પણ
પાખંડ કરતાં પાપને જૅન સારું ગણે.
રૂઢી કરતાં ' જરૂરીયાત ' માં વધારે માને !

* * *

જૈનના ત્યાગમાં રસ ને સૌરભ છે,
આત્મકલ્યાણ ને વિશ્વકલ્યાણનો ભેટો છે.
જૈનની શક્તિ સંહાર કાજે નથી.
અશક્તોને આરામ આપે,
શુભના મંડાણ કરે,
ને અશુભના નાશ કાજે છે.
પેટ ઘસીને જીવવા કરતાં
મૃત્યુને વહેલું પસંદ કરે છે.
પવિત્રતા ને સ્વતંત્રતા જળવાય તો
મૃત્યુને પણ હર્ષથી નોતરે છે :
જીવે છે જૈન–
આત્માના પૂર વૈભવથી,
મરે છે પણ જૈન–
આત્માના પૂર વૈભવથી :

* * *

પરિસ્થિતિઓનો વિવેક એ કરી જાણે,
વિવિધ દશાનું સાચું ભાન રાખે,
મુશ્કેલીઓમાંથી 'જય'નું રાજ્ય શોધે,
ને તોફાની દરિયામાં એકલો તે ઝઝુમે.

* * *

હરેક ચીજ, ભાવ કે બનાવમાં
નિર્લેપતાથી 'જૈન' મઝા લુંટે છે.
અખડધજ ઈમારતો તોડી

નવી 'બીલ્ડીંગો' બાંધે છે :
જૂનાં ખોખાં ભાંગી
નવી દૃષ્ટિથી, ને નવા પ્રવાહથી
પ્રાણવાન નવો ' આત્મા ' સરજે છે :

* * *

આંસુ કે નિરાશાના સંદેશા
તેના પ્રગતિમાન જીવનમાં નથી.
નિષ્પક્ષપાત દૃષ્ટિ ને નિર્મળ ભાવના,
સાહાઈભરી સંગીનતા ને તીવ્ર કર્તવ્યપ્રિયતા
પ્રતિક્ષણે તેને ઉંચે લઇ જતાં હોય,
કુદરતી જીવનની તાઝગી
એનામાં પ્રાણ, પ્રેરણા ને પ્રતિભા પૂરે.
હૃદયનો ' લાવા ' અનેક પાખંડોને બાળે,
મનની ' ઠંડાશ ' જ્વાળામુખીને ય ઠારે !

* * *

અસામાન્ય જીવનલીલા
એ ' જૈન 'નો ઇતિહાસ હોય.
નીડર, સત્ય ને તેની શુદ્ધ ઘોષણા,
વિશ્વજીવનના જળને શુદ્ધ કરે,
એ તેની અનંતલીલા હોય.
નિર્ભીત ને નિખાલસ સેવા
એજ તેની માનવતાનું મીઠું ફળ છે.
" જૈનધર્મનાં દરવાજાઓ
દુનિયા માટે ખુલ્લાં છે :

કોઇ આવો ! કોઈ પણ આવે ! ”
એ તેનો મહાન્ “ ઢંઢેરો ” છે.

*　*　*

જૈનની ‘ કડકાઈ ’ ઘણીવાર ‘ ઘેટાં ’ને ખૂંચે છે.
કારણ !
અનિષ્ટ કર્મોની સખતમાં સખત
હાજરી લેવા જેટલો ‘ જૈન ’ સદા જાગૃત છે.

*　*　*

જૈનનું સ્વતંત્ર માનસ ને શક્તિ
અનોખી સંસ્કૃતિ રચે, ને વિકસાવે :
પ્રયોગે પ્રયોગમાંથી પ્રેરણા પામી
પોતાના જીવનને પાંગરવા દે.
ભવિષ્યના પથની દિશા નક્કી કરે,
ગમે તેવી શક્તિઓ સાથે હોડ ખેલે,
લોકદૃષ્ટિના કાચ સાફ કરી
સામાજિક ગંદકીનો નિવેડો આણે,
રાષ્ટ્રજીવનનાં વાતાવરણમાં
શુદ્ધિ ને ચેતનતા પૂરે :

*　*　*

દુનિયાના પ્રવાહમાં તણાયા કરતાં
દુનિયાને જ જૈન પોતે ખેંચે છે.
જગત પર પોતાના ચારિત્રથી
‘ હિપ્નોટીઝમ ’ અજમાવે છે :

પ્રિય સંસ્કારને પૂજવાની ધૂનમાં
સામાજીક નિયમોમાં ભાત પાડે છે:
પોતાને 'પ્રામાણિક' રાખીને
લોકકીર્તિનાં ભૂતડાંને–
પગ તળે બરાબર દબાવે છે.
દુનિયાનું સર્ટીફિકેટ તેને મન
કાગળના ચીંથરાથી મોંઘું નથી.
સત્ય ને ઉચ્ચ શોખો ખાતર
સર્વસ્વ છોડતાંય દુઃખ થાતું નથી.
મૃત્યુથીય મહાન્ પ્રસંગોને
જીવતાં પચાવવાનું એ શીખે છે,
ને પોતાના મૃત્યુ પછી પણ
'જૈન' ઇતિહાસને અજવાળે છે.

* * *

'જૈન' ના વિચારોમાં
તંદુરસ્ત યોદ્ધાની તાજગી છે.
ઉંચી સમજશક્તિ,
ભવ્ય સર્વગ્રાહી બુદ્ધિ
અને સર્વદેશીય સ્વભાવ
જગતમાં તેને અમર બનાવે છે.

* * *

વિષના ઉતારમાં જૈન સાકર પાય છે.
બુરા ભાવનાશાલીને પણ એ 'ભલો' બનાવે છે.

* * *

બંધુત્વની ‘ વાતો ’ નહિ,
બંધુત્વના જોડાણ આચરે.
મોક્ષના ‘ તડાકા ’ નહિ,
મોક્ષની સિદ્ધિ સાધે છે.

* * *

અસાધારણ તત્ત્વોનો અભ્યાસ તે
જૈનનું સતત ચિંતન હોય.
અસાધારણ કાર્યોનો ભાર
એ તેનું અખંડ ‘ ધ્યાન ’ હોય.
એની વિશાળ માનસિક સંપત્તિમાંથી
ધર્મનો પ્રવાહ વહ્યા કરે,
દુનિયા પર ફરી ફરીને સાક્ષાત્
નીતિની છાપ લગાવ્યા કરે.
કષ્ટો તેની માર્ગદિશા ફેરવી શકે નહિ.
દ્વિધા જીવન જીવવાનો મોહ તેને થાય નહિ.

* * *

“ શું થશે ” નહિ, પણ
‘ શું કરવાનું છે ’ એ તેનું પ્રિયસૂત્ર છે.
નિશ્ચય કર્યો પછી તેને ખુદ
બ્રહ્મા પણ ફેરવી શકે નહિ,
વિજય તેના બહુમાંથી નિતરે
દુશ્મનના લોહીમાંથી નહિ.
કલ્યાણની ભાવનાથી આક્રમણ

કરતાં એ કહિ હઠે નહિ.
તેમજ શક્તિના શસ્ત્રોથી
અશકતોને ત્રાસ આપે નહિ.
સશકતોથી યુદ્ધ છોડી
સ્વગૌરવને નિસ્તેજ કરે નહિ.
મનુષ્યોનાં વૃંદોમાં
પોતાના વ્યક્તિત્વને હારે નહિ;

* * *

આખી દુનિયા 'ના' કહે,—
ને જન 'હા' કહેતાં થડકાય નહિ,
તેના આત્માનો પવિત્ર પેગામ
સમાજના રૂઢ બંધનોને માને નહિ.
આગળ ધકેલનારી દયા વગર
દયામાં ધર્મ સમજે નહિ,
પોતાની પર 'ઑપરેશન' કરી
પોતાને સુધારનારી–શુદ્ધ કરનારી
ક્રૂરતા વિના—ક્રૂરતામાં માને નહિ,
'હું' કારમાં તુચ્છતાથી ફરનારની
દયા ખાય છે, ક્રોધ કરે નહિ.
'હું પામર'ના અધ્યાત્મને એ
સાચું અધ્યાત્મ માને નહિ.
કારણ, જૈન સમજે છે કે:

જીવનને તિરસ્કારનારા
જાતેજ બદબો મારતી ગટરો છે.
પામરતાના ગીતડાંજ મનુષ્યને પામર બનાવે છે.
દિવ્યતાનાં લ્હેરીયાં જ માનવનો દેવ સરજે છે :
દરેક મનુષ્ય મહાન્ છે,
મહાન્ થવા સરજાયલા છે.
મહાન્ હોવાનો ખાનદાન ગર્વ લેતાં
જૈન કદી શરમાય નહિ.

*　　*　　*

જૈન સંસારી છતાં

અસંસારી જેવો રહી શકે છે.
અસંસારી થઈને ય
સંસારીનાં સુંદર તત્ત્વો સમજે છે.
ઝાંઝવાના જળ કરતાં
તૃષા જૈનને વ્હાલી છે;
તૃષ્ણાનાં અગૂઢ તળીયા પર
તૃપ્તિનાં અમૃત વરસાવે છે.
કાગળ ચૂંથનાર પંડિતોને
કાગળના શબ્દો 'ખાતાં' શીખવે છે :
વિદ્યાના ભારથી કચરાવાને બદલે
ઉંચે ઉડવાના અર્થો ઉકેલાવે છે.
ચર્ચા ને પાંડિત્યદર્શન બદલે
જ્ઞાનને ફૂટી ફૂટીને જીવનમાં

પચાવવામાં ' પુરૂષાર્થ ' સમજી સમજાવે છે.
પુસ્તકોમાંથી જ જ્ઞાન લેવાને બદલે
માનવચ્હેરામાંથી સુગંધીઓ ખેંચે છે :
જો જ્ઞાનની ફરફર જીંદગીને તેજ ન આપે,
તો તે જ્ઞાનને ' જ્ઞાનાભાસ ' માને છે.
હિમાલયની ઠંડી, ને
સૂર્યની ગરમી–બેયને સાથે દિલમાં રાખી ફરે છે.
ગુસ્સાનાં અગ્નિને
હાસ્યનાં જળમાં ય ફેરવી જાણે છે.
આ કળા કો ' વિરલને જ વરે છે !

* * *

આત્મા વેચનાર, ખુદ પ્રભુને વેચે છે,
પોતાના અંતરનો દ્રોહ કરનાર
કુદરતના શ્રાપને જ લાયક છે :
' જૈન ' આ સારી પેઠે સમજે છે :
દુનિયાના ફેરફાર રચવાની
તાકાદ પોતાની માનસસૃષ્ટિમાં નિરખે છે.
પોતાનું ભવિષ્ય
પોતાના ' ખેલ 'થી જ રચાતું તે જુએ છે.
નવી નવી યુક્તિ ને નવી નવી ખૂંટી
વિકાસ માટે નિત્ય તે ખોડે છે,
બીજાના દોરેલા લીંટે
અંધતાથી દોરાવા ' ના ' ભણે છે :

* * *

સમય જોઇને જૈન મૌન સાધે,
મૌનની મસ્તીમાંથી ભાવિનો પ્રકાશ નિહાળે,
અને દિલનો ઉભરાતો આનંદ
તેને પ્રવૃત્તિમાં ધકેલે છે.
પ્રવૃત્તિનું લક્ષ એકજ—
Will to conquer સાધી
પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઇ
પરાજયના વાદળમાંથી
'જય'ના સૂર્યને શોધવાનું છે:
'સમ્યકત્વ' હૃદયમાં સ્થાપી,
અનેકાંત દૃષ્ટિથી—વિશાળ જ્ઞાનથી
વસ્તુના ગુણદોષ તપાસવાના છે:
જ્ઞાનને સર્વ દિશાએથી
વિસ્તૃતતા ને વિશાળતાથી
જોવું, એ જ જૈનનું જીવનકાર્ય છે,

* * *

સેનાપતિની ચાલે, જૈન વિજળીના વેગે ધપે છે.
પોતાના આદર્શ માટે આકાશ પાતાળ એક કરે છે.
કદીક તો ભલભલાનો મદ ઉતારતી
ગજેન્દ્રની ચાલે એ ચાલે છે:—
જાણે જગતના કલેશો ને પ્રપંચો
ભલે પાછળ ભમ્યા—ભસ્યા કરે!
અદ્ભુત નિશ્ચળ શાંતિથી એ ધપે, છતાં
જગતને કદી તેનામાં આગના સૂસવાટા ભાસે છે:

વનરાજની કંપાવતી ત્રાડથી
શિયાળવા જેમ થથરે છે;
તેમ તેનાં અપ્રકટ વિજ્ઞાન પાસે
શબ્દજ્ઞાની (!) ઓ બહુ કંપે છે :

* * *

અનંત જ્ઞાન, દર્શન ને ચારિત્રનો
પોતાને તે ધણી માને છે :
જ્ઞાનના અતળ જળમાં પેસી
દર્શન, ચારિત્રને જગાવે છે :
ધર્મના દેખાવ પાછળ
ધૂર્તતા કરવા કરતાં
નાસ્તિક ગણાવું પ્રતિષ્ઠાભર્યું લેખે છે :
પરાયા દોષો ભૂલીને
પોતાના દોષો તે વીણે છે.
'જયણા'ના ચરવળાથી
જીવનદોષોને સદાય હાંકે છે.
ચારિત્રથી સ્ફટિક સમા થઈ
આજીવન અહિંયાં સ્વર્ગ ઉતારે છે :

* * *

કોઈ જાતનાં અહંતત્ત્વો
એના ઉજળા પ્રતાપને ઢાંકી શકે નહિ.
સત્યથી ભવ્યતા મળતી હોય
તો જીવતરનો કંઈ મોહ નહિ.

* * *

જૈનનું જીવન એક મહા લાંબી લડાઇ જેવું છે.
લડાઇના ઉડતા તણખાંને
શાંત કરનાર હિમઝરણું પણ છે.

* * *

શૌર્યના અભાવે
શાંતિના બુરખા પહેરનારાઓ!
સાંભળે છો ?

* * *

"જૈન" કદી નમાલી શાંતિમાં માનતો નથી.
સ્મશાની શાંતિ તેને પ્રિય નથી.
ચેતનભરી શાંતિનો એ જગજૂનો આશક છે.
જૈન તો શક્તિની ખાણ છે:
શક્તિમૈયાના મંદિરનો
એ અનંતકાળનો ભવ્ય પૂજારી છે:
શક્તિનો એ પૂજારી હરનિશ શક્તિ શોધે છે:
શોધીને તેના પર સંયમની બ્રેક મૂકી
અખંડ વીરોચિત શાંતિ જાળવે છે:
શૂરાની 'કદર' કરી જાણે છે, ને
ખૂનીની "નબળાઈ" ને પણ સમજે છે.
માનવીની મનોદશા, જગતનાં દર્દો ને
દુનિયાના પચરંગી જખમો
જોવાનું જૈનમાં 'જીવતું' હૃદય છે:
એ જખમોને રૂઝાવવા

તે ઉગ્ર તપશ્ચર્યા કરે છે:

*   *   *

જૈનની ગરીબીમાં સંતોષની છાયા છે.
તેની તવંગરાઈમાં ગરીબોના હિસ્સા છે.
એ રાજા છે 'મન'નો
સત્તાની ગંધ વગરનો;
સેવક છે સૌનો—
ગુલામીખત નહિં લખી દેનારો!
સુખદુઃખમાં તેની સમદૃષ્ટિ છે.
પાપ–પુણ્યમાં ભેદભાવ છે.
તેના આનંદમાં વિલાસની છાયા નથી,
કે 'અહં'નો ગર્જારવ નથી.
જૈનમાં નિર્મળતાના નીર સદા ઝળકે છે;
ગુલાબી સૌંદર્યનો જીવનબાગ ત્યાં ખીલે છે:

*   *   *

જૈનની 'અહિંસા'–એ
ધગધગતા લોહીવાળા વીરનું
મસ્તાની જીવનસૂત્ર છે.
તોફાનો વચ્ચે સાત્વિકતાના
શિખર પર ચડી વિહરતા
શક્તિના 'થનથનાટ'માં નાચી રહેલા,
ને 'થનથનાટ'ને સમજનાર કોઈ
મહાત્માનો મહાન્ ધર્મ છે:

*   *   *

સાત્વિકતાની ચાંદનીમાં
અહોનિશ જૈન સ્નાન કરે છે.
' પંચાત ' નો કચરો ફેંકી
' કાર્યસિદ્ધિ ' પાછળ જ પડયો રહે છે.

* * *

માયાવી બજારની ચીજો
મફત પણ જૈન ખરીદે નહીં,
આત્મસમ્માનમાં મસ્ત રહી
મિથ્યાભિમાનને બાળે છે.
પહેલી ને છેલ્લી સદીનો એ મનુષ્ય છે.
પહેલી ને છેલ્લી પળના વિચારો કરી જાણે છે.
મળેલી સત્તા ને સંપત્તિ જૈન જીરવી શકે છે.
સમૂહમાં સ્પષ્ટ વ્યક્તિત્વવાળો
સાચો જ એ ' મનુષ્ય ' છે.

* * *

જૈનની ભાવનામાં સંગીતની મજા છે.
શબ્દોમાં જીવનનું સત્ત્વ તરે છે.
ચિતારા ને પીંછીની દોસ્તી,
શિલ્પી ને પત્થરની મૈત્રી,
એવી જ સંધિ જૈન ને 'દિવ્યતા ' વચ્ચે હોય:
' દિવ્યતા ' ની પીંછીથી જીવનને ઉજાળે,
અને જીવનને રંગતા રંગતા તે,
દિવ્યતામાં મીલાવી દે.

* * *

૫

એની ઘોષણા–સુરોમાંથી જ
ઘેરઘેર વીરનરો ને વીરાંગનાઓ પાકે :
નિર્માલ્યતામાંથી શક્તિનાં
મહાન્ બારકસો ઉભા થાય.

* * *

ઉપદેશ કરતાં આચારમાંથી જ
સૌને દૃષ્ટાંતો પુરા પાડે :
આપભોગના અખતરાંથી જ
જગતને ત્યાગનો મહામંત્ર આપે.
હરેક 'ચીજ' ને જૈન નવા રૂપો આપે :
દરેક ભાવનાને નવું 'તેજ' અર્પે.
કુદરત સાથે વાતો કરે :
પ્રકૃતિને 'પોતાની' કરે.
ચેતનને સાથી બનાવે, ને
પ્રકૃતિને નચાવે તે જૈન :

* * *

જીવનની મિઠાશ ને પ્રાણનો
જૈનમાં વિરલ સંયોગ છે.
એની ચતુરાઈ ને છટામાં
આત્માની મહા ઓળખ છે.
દયાથી દ્રવે તે જૈન,

આત્મરિપુને હણનારો તે જૈન,
એક હાથમાં કોમળતા, ને
બીજામાં વીરની શૌર્યતાઃ
બન્ને ભાવનાનો એ પોષક છેઃ

*　　*　　*

જૈનના પ્રેમને બંધન નથી

કાળ કે કોઇ દેશના,
જગતમૈત્રીથીય પર
અંતર દુનિયામાં ખેલે છે—પ્રેમ બાંધે છે.
નિંદકની વાણીથી ' જૈન ' નિસ્તેજ થાય નહીં,
પ્રશંસકનાં ફૂલોથી દબાઇ જાય નહીં.
નિંદા ને પ્રશંસા બેયનાં મૂળ તપાસે છે.
મૂળમાંથી થડ જોઇ ભાવી ફળ વિચારે છે.
જૈનનું વીર્ય નૂતન ફિલસૂફી રચે છે.
વિનાશક રૂઢીને ફેંકતા
સમાજમાં ક્રાન્તિ પણ લાવે છે.

*　　*　　*

જૈન યંત્ર નથી, મનુષ્ય છે.

ચેતનવંતો જાગતો પુરૂષ,
ઝળકતો પ્રાણ ને સંયમ બન્ને સાથેઃ
ઝળકતા પ્રાણને સાચવે, ને
સંયમપંથે ' જરૂરિયાત 'ની ગુલામીને

ઓળઘોળ કરી ફેંકી દે :
પોતાના જીવન માટે તે બહુ જ
ઓછાં પરિગ્રહ રાખે છે.
પોતાના દરેક કર્તવ્યના
નિર્મળ હેતુ ને સાધન તપાસે છે.
જગતને જૈને શું ' સુંદર ' આપ્યું ?
એ તેનું સનાતન ગણિત છે.
" સુંદરતા "ના જ આંકડા વધારવા
એ જૈનનું અનંત સંગીત છે.

* * *

જીવનમાં જેવી ગર્વિષ્ઠ
તેવીજ માનવતા મૃત્યુમાં મ્હાલે છે.
મૃત્યુની ભીતિમાં જ
માનવતાનો અભાવો જુએ છે :
અહિંસાના નામે જન ભીરૂતાને ન પોષે,
આધ્યાત્મિકવૃત્તિનાં નામે કાયરતાને ન ખીલવે :
સંતોષને નામે કર્તવ્યની શિથિલતા ન સેવે.
' વૈરાગી 'નાં નામે આનંદને દેશવટો ન દે :

* * *

જૈનની મધુર પ્રેરણાની ગંગા
અનેકના જીવનને ફળદ્રુપ બનાવે,
સંસારનાં પ્રપંચો છોડી

આત્માના સંગીત ગાવાની ધૂન ચડાવે.
વિશ્વમાં સાચા ધર્મનો પ્રચાર કરવા
'જૈન સંસ્કૃતિ'નાં થાણું ઠેરઠેર જમાવે,
જૈન–શબ્દથી ન ભડકવાનું કહી કહી
'જૈન' ભાવનાનો વિશાળ અર્થ સમજાવે.

*　　*　　*

જૈનની દુનિયાને છેડો નથી,
તેના માર્ગનો અંત નથી,
તેની ભાવનાને કિનારા નથી.
શક્તિને તળીયાં નથી,
સૌનો અંત છે એકમાં—
કેવળ જયની પ્રાપ્તિમાં :

*　　*　　*

જૈનની દૃષ્ટિએ
'જ્ઞાનયોગ' એ જ મુક્તિનો દીપક છે.
'ભક્તિયોગ'ના શિખર પાસે જ
જ્ઞાનયોગની તળેટી સૂતી છે.
તેથી 'ભક્તિયોગ'ના બારે વિસામા વટાવી
જ્ઞાનનું પ્રથમ પગથીયું ચડે છે.
જ્ઞાનયોગનાં બધાં પગથાર પછી જ
સિદ્ધશિલા માટે જંખે છે–સાધવા મથે છે :

*　　*　　*

માનુષી નીતિના કાટલાં
જૈનને મન અધુરાં છે.
બીજાના Standard પર
પોતાના આનંદને લટકાવે નહીં.

* *

ઉંચેથી ગરૂડ શી દૃષ્ટિ ફેંકી
દુનિયાને જૈન તપાસે છે.
બેસુકાની દુનિયાને ચોમેર ગબડતી જોઈ,
ખડખડ હાસ્ય છોડે છે.
વિચારોમાં આશાવાદ પ્રેરી
અહર્નિંશ હૃદયબળ વધારે છે.
આત્મા ને દેહની તંદુરસ્તી માટે
ખૂબ કાળજી રાખે છે.
કારણ, જૈન સમજે છે કે—
મડદાળ શરીર ને આત્મા—
વજ્ર શા આદર્શો પચાવી શકે જ નહીં.
લડાયક શક્તિ ને સ્વરક્ષાની તાકાદ વિના
Spiritual strength આત્મબળ
આવે જ નહિં, ટકે નહીં. (તેથી)
શરીરને કસવું એ પણ આત્મધર્મ છે.
આત્માને વસવાના પવિત્ર મંદિર સમા,
શરીરને સાબૂત રાખનાર સાચો આત્માર્થી છે.

* * *

દુનિયાના ઠગારા આકર્ષણો
જનને પળવાર પણ આંજે નહીં.
કારણ તે સમજે કે—
બહુ 'નખરાં' તો વેશ્યાને જ હોય.
રાજમહેલની 'રાણી' ને
ચામડી સાથે જ સુંદરતા જડી હોયઃ

*   *   *

જૈન 'વ્યવહાર' ને ત્યાંસુધી જ માને
જ્યાં સુધી આત્માને બાધક ન નીવડે :
સૌ ધર્મોને સમાન પ્રેમથી તે જુએ છે.
સારા નરસાના તોલ કરી
વધુ 'ઈષ્ટ'ને પોષે છે :

*   *   *

જૈન 'લખવા ખાતર' લખે નહીં,
બોલવા ખાતર બોલે નહીં,
જીવનખેલો ખેલતાં જ વચમાં "લખાઇ જવાય"
ખેલતાં જ સ્વાભાવિક બોલાઇ જવાય :
ખેલની વાચા એ અનુભવનું જ્ઞાન—સત્ત્વ છે.
અને અર્થહીન વાચામાંથી સૂત્રો તો
કૃત્રિમ કલ્પનાનાં રંગો છે.
પંડિતકથાને પાછળ મૂકી
'લોકકથા' તે સ્વીકારે છે.

વિસંવાદી જીવનને બાળી
સંવાદી જીવનના તાર ઝણઝણાવે છે.

* *

"ડૂબતાને તારે તેજ ધર્મ"
એટલું જ માત્ર તે શીખે છે.
આત્મ 'સ્વાતંત્ર્ય મંદિર'નાં પાયા નાંખે
એજ તેનો ઇષ્ટગુરૂ છે:

* * *

સદ્‌ભાવ ને ભાવના હૃદયમાં તુરત ઝીલે છે,
વ્યવહારિક જીવન કરતાં
આદર્શમાં તે બહુ મ્હાલે છે.
દુર્ગુણીની દયા ખાઈ
સદ્‌ગુણીની પૂજા કરે છે.
વ્યકિતસ્વાતંત્ર્યમાં ખેલી
સ્વચ્છંદતા સામે બળવો જગાવે છે.
'વ્યસન' કે 'સુસ્તી'
'જૈન' માટે સર્જાય નહીં.
બંધનો પાળે, નિયમો જાળવે,
પણ આત્માને બાધક
નિયમો ફેંકતા વાર લાગે નહિં.

* * *

આત્મશ્રદ્ધાના વહાણમાં બેસી
નિડરતાથી લાંબી સફરો ખેડે છે.

વિવેકનાં વાવટા નીચે
પોતાનું વ્યક્તિત્વ જૈન જમાવે છે.
રાગદ્વેષથી દૂર, ને
કર્મરિપુના સંહારક
અરિહંતનો એ ઉપાસક છે.
ઉપાસ્યને ભેટવા
સર્વે યત્નો અજમાવી ચૂકે છે.

* * *

અનંતજ્ઞાન, અનંતદર્શન
અનંતચારિત્ર, અવ્યાબાધ સુખ,
અક્ષય સ્થિતિ ને અરૂપીપણું,
અગુરૂલઘુ અનંત વીર્યના
સાધક 'સિદ્ધ' પ્રતિ
જૈનની દૃષ્ટિ દોડતી છે, સિદ્ધિને પામવા મથે છે:

* * *

પંચેન્દ્રિયનો નિગ્રહ કરે, ને
પાંચ મહાવ્રતો—
પ્રાણાતિપાત ને મૃષાવાદ,
અદત્તાદાન ને મૈથુન,
અને પરિગ્રહ વિરમણવ્રત જે પાળે છે,
પાંચ આચારો આચરે છે,
ને આચરાવે છે,
તે 'જૈન'નો પ્રિય આચાર્ય છે:

* * *

'જૈન' દયા કરે છે—પણ
બકરાંને કપાવી—
કસાઈને અભયદાન ન દે :
પારકાના જોખમે પોતાનાં અખતરા ન કરે :
ગરીબોનાં લોહીથી પોતાના બંગલા ન ચણે.

* * *

સામાન્ય જનસમુદાયનાં ટોળાં
જૈનની કોર્ટમાં
રમતાં મૂછાળા બાળકો જેવાં છે :
એમના—દુનિયાદારીનાં ડહાપણ
Logicનાં શિખરો
જૈનની જ્ઞાન તળેટી નીચે ગબડતા હોય.
'વ્હાઇટ વોશ'ની કળામાં
જૈનનાં જમે પાસે મીંડું છે.
જેવા છે તેવાજ દેખાવું,
એજ તેનું હૃદયદર્શન છે.
શ્રાવકનાં બાર વ્રતોનું સ્થૂળ દષ્ટિએ
પચ્ચખાણ લીધા વગર પણ
"આંતર અવિચળ પ્રતિજ્ઞાવાન્" હોવાથી
Instinctivly સ્વાભાવિક જ
જૈન વ્રતો પાળતો હોય:
વ્રતોમાં લેશમાત્ર દોષ આવતાં
તુરત પ્રાયશ્ચિત પણ કરી લે છે :

* * *

જાણતાં અજાણતાં થયેલી,
ભૂલોની માફી તે માગે છે,
પણ માફી માગતાં પહેલાં,
માફીનું કારણ 'જાણે' છે.
જાણીને પોતાને 'નૉટીસ' આપે છે,
પુનઃ ભૂલ ન કરવાની
સંપૂર્ણ સાવચેતી રાખે છે,
ને પછી સામાની ક્ષમા યાચે છે.
લોકોની બાયલી સહાનુભૂતિ ખાતર
ગાડરોને પ્રિય થવા,
નહીં કરેલા અપરાધની પણ
ક્ષમા યાચી આત્માનો
'લાયબલ' જૈન હરગીજ નહીં કરે :

* * *

વેવલાપણું કે સ્વાર્થીપણું,
તુચ્છતા, અહંકાર કે ખટપટ,
એ સૌ ડાકિણીઓ જૈનથી દૂર હોય !
સંસારનાં આ કપટમય પડદાપર પણ
સરળતાથી રહેવામાં-ફરવામાં
જીંદગીની ખૂબી 'જૈન' મ્હાણે છે.
'જીવનકળા' માટે તપ તપે છે,
તપીને, અંદરની ને બહારની દુનિયાને
એકતાન બનાવે છે.

આંતરશુદ્ધિ કરી પાત્રતા કેળવે છેઃ
પાંગરતી શક્તિઓને કેન્દ્રિત કરી,
ચોક્કસ ધ્યેય તરફ વાળે છેઃ
ધ્યેયને સાધવા ઉગ્ર તપસ્યા આદરે છે.
ફના થવાની ખુમારી સાથે
ઉત્સાહપૂર્વક મુંગું મંથન માંડે છે,
ને સિદ્ધ કરે છે કેઃ—
પ્રામાણિક સાધનાને કશું અસાધ્ય નથી.
મુક્તિનાં માર્ગોની શોધમાં
ખરચાઈ જનારને મુક્તિ વરેલી જ છે,
અને મુક્તિને સાધવાની
તાકાદ હરકોઈ "આદર્શ જન"માં ભરેલી છેઃ
એ સાધકને આદર્શ 'જૈન' નામ આપો,
કે આદર્શ 'વીર' કહો બન્ને સરખું છેઃ

* * *

યોગી, યોદ્ધો ને પ્રેમી
ત્રણેનો મનહર સંગમ તે જૈનઃ

* * *

શાંતિ, શાંતિઃ
ઓ જૈન !
તુજ દર્શને સહુ પાવન થાયઃ
પતિતતાના પાતાળમાંથી
અભ્યુદયના અમરલોકમાં ઉડે

* * *

જગતના હજારો-લાખો ધ્યાલામાંથી,
જૈનનું આવું એકાદ જ
મીઠું ને તેજીલું મિશ્રણ મળે:
એ વહેતીયાળ ઝરણાના નીર
પ્રજાના દિલ ડોલાવે,
વિશ્વને ગુલાબી પલટો આપે,
સંસ્કારભીની ઉર્મિઓ જગાડે,
ને જીવનમાં સુધાનું સિંચન કરે:
લોકો Masses માંથી
લોકોત્તર પુરૂષ-જૈન
આવા આદર્શ જૈનો-વીરો
દુનિયામાં બહુજ ઓછા છે:
જૈનધર્મ એ,
થાકયા પાકયાનો વિસામો છે.
Most Glorious
કીર્ત્તિવંત આશ્રયસ્થાન છે.

આદર્શ જૈનો
પકાવવાની એ મહાન્ શાળા છે,
જગતના સર્વે ધર્મોનું
અંતિમ એજ સાધન છે.

જય હો! જય હો! 'જૈન' તારો!
અને એ ભાવી વિશ્વધર્મ-જૈનધર્મનો જય હો!

જૈન ભાવના

(આદર્શ જૈન પ્રતિપળે આ ભાવના ભાવે)

ઓ પ્રિય જૈન !
મારા નિજસ્વરૂપઃ
આનંદમસ્ત યોગી !
સાંભળ ! ઓ મુજ આત્મા, સાંભળ !
દુનિયાની સર્વે સમૃદ્ધિ ને ખજાનો
તું જ છે !
જગત્ તારૂં–મ્હારૂં જ સ્રજેલું છે.
વિશ્વ માત્ર મારી જ કલ્પના–વિચાર છે.
મનના વિચારો જ મૂર્તસ્વરૂપ પામે છે.
એ સ્વરૂપ એટલે જ આ દુનિયા.
એટલે અખિલ વિશ્વમાં હું જ સર્વત્ર છું.
હું જ દુનિયાનો સરજનહાર છું.
વિશ્વ મારો બાગ છે, હું તેનો માળી છું.
બાગનો માળી જેવાં ફૂલો રોપશે,
તેવી જ સુગંધી જગતમાં ફેલાશે.
જગત્ મારૂં છે–કોના પર હું ક્રોધ કરૂં ?

જગત્ મારૂં છે–કોની સાથે મૈત્રી ન કરૂં ?
જગતના સહુ જીવો ! ઓહ !
તમે સૌ મારા આત્મસ્વરૂપો છો.
એકજ માટીના આપણે પૂતળાં છીએ.
વસ્તુના નામ જૂદાં છે, વસ્તુ એક છે.

* * *

જગતના જીવો ! તમે સહુ મારા પ્રિય ભાંડુઓ છો.
ભાઇના સુખદુઃખમાં ભાઈનો હિસ્સો છે.
પ્રિય આત્મસ્વરૂપો ! કાં રઝળો છો ?
આ ' બહાર 'ની દુનિયામાં ? છી છી...!
દિવ્યતાના ગ્રાહકો ! ચાલો.
જગત્વ્યવહારના ભારથી
કચરાઇ ગયેલાઓ ! ચાલો !
' દિવ્યતાની ' ખોજમાં—
દ્રષ્ટિ બહારથી ખેંચી–' અંદર ' અવલોકીએ !
અંદરના દેવમંદિરમાં આવશો તો,
તમને અતર્યામિનો ભેટો થશેઃ

* * *

આહા ! સર્વ સુખ અંતઃકરણમાં છે.
તેથી અંતઃકરણમાં જ શોધીએ.
તુંજ-હુંજ આહ્‌લાદ, સુખ ને જ્ઞાનનું પુંજ છે.
જગતમાં કાં શોધે ? ઓ ભૂલકણા !
એ ' મેળવેલી ' વસ્તુ છે–મેળવવાની નહીં,

'મેળવેલી'ને પ્રગટાવવા પુરૂષાર્થ મારે કરવાનો છે.
ઇચ્છાઓમાં ગુરૂત્વાકર્ષણ છે.
શુભ ઇચ્છા, શુભકાર્યને ખેંચે છે.
વિચારોમાં મહાશક્તિ છે,
ને દુનિયાના ઘાટો 'પોતા' જેવા જ ઘડે છે.
વિચારોમાં પુનર્જીવનની કળા છે.
વાતાવરણમાં એ નવી ભાત પાડે છે.
તો પછી જગતને હું શા માટે—
મારી દિવ્યદૃષ્ટિ, દિવ્ય વિચાર,
ને દિવ્યભાવનાથી 'દિવ્ય' ન કરૂં ?
ઓ આત્મસ્વરૂપો !

* * *

"**મ**નુષ્યત્વ"ની હું દીક્ષા લઉં છું-લીધી છે.
દિવ્યતાના પંથે હું પડું છું.
આત્માની જ્યોતિ જેવા
એ મુક્તિના શિખર પર હું ચડું છું.
આશા ને પ્રભુતામય દૃષ્ટિથી
શ્રદ્ધાભર્યા દિલે હું ચડું છું.
પ્રભાતની તાજગી લઈ
સંધ્યાના રંગોને પીઠ દઈ
હું ઉપર ચડું છું
માર્ગો કઠિણ છે—ધ્યેય સુંદર છે.
કઠિણતાને સુલભ કરવું, એ તો મારો ધર્મ જ છે ને !
માનવદેહ મોક્ષસાધનાનું ખેતર છે.

ઋતુએ ઋતુમાં સત્કાર્યોના મોલ જેટલાં
બેસશે-તેટલી સાધના ફળશે.

* * *

આત્મા-પરમાત્માના દીર્ઘ ચિંતનમાં હું
'દુખી' રહી બહારની સકળ ઉપાધિને ઉવેખીશ.
ત્યારે જ 'ફિલ્સુફ'ની મધુરી તૃપ્તિ
હું પેટ ભરી ભરીને અનુભવીશ.
અનંતની સાથે સંપૂર્ણ
'તાદાત્મ્ય' સાધીશ-એક થઈશ.
સાક્ષાત્ સ્વયંભૂ તેજનો પણ તેજ થઈશ.
સ્વયંભૂ તો છું જ-સ્વયંભૂ "સિદ્ધ" કરીશ.

* * *

મારી જીવનલીલા હું વિસ્તારીશ,
એ લીલામાંથી બળ ને શાંતિ મેળવીશ.
દરેક ક્રિયાઓની સાર્થક્તા-Utility
સમજવા રાતદિન પ્રયત્ન કરીશ,
"સ્વીકારવા" પહેલાં સમજવાનું ચાહીશ.
મારા સ્વસ્વભાવમાં હું 'રમણ' કરીશ,
આનંદસ્વરૂપની ભાવના ભાવી
'આનંદ'-પરમાનંદ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીશ.
મારો આનંદ કોઇ છીનવી શકે નહીં,
મને બીજો કોઈ આનંદ આપી શકે નહીં,
હું જ મારા આનંદ-સુખનો સૃષ્ટા છું.

હરેક ધાર્મિક કૃત્યો હૃદયના ઉમળકાથી કરીશ.
મારી મુખમુદ્રામાંથી જ દયા ને શાંતિ વહાવીશ.
યતનાપૂર્વક હરેક વચન બોલીશ,
સાવચેતી પૂર્વક હરેક વિચાર કરીશ,
લોકૈષણા કે નૈતિક નિર્બળતા
મારા સત્યકથનને ડારી શકે નહીં.
પરિગ્રહનો ભાર, મને કચરી શકે નહિં.
કે ચિત્તની શાંતિને ડહોળી નાંખે નહીં.

* * *

હું રાતદિન જાગ્રત રહીશ.

* * *

હું હસીશ—જગતને હસાવીશ.

હસાવી સૌને આરામ આપીશ.
આત્માની પ્રસન્નતા ચિરકાળ ખીલતી રાખી
એ શીતળતાના આરે સૌને વિશ્રામ આપીશઃ
મિત્રની ઇચ્છા ને દુશ્મનની ઇચ્છા,
બેયને 'મારી' સમજી એકતાર થઇશ,
ને અભેદમાર્ગનો સાચો પ્રવાસી બનીશ.
આત્માનું રસાયન લઈ,
'સત્ય'ની શોધમાં દશે દિશાઓમાં વિચરીશ.
હરેક વસ્તુ પર પ્રભુતાની છાપ મારી
પ્રભુમય દૃષ્ટિથી હોઈશઃ

પ્રતિપળે હું સર્વજ્ઞ—સર્વશક્તિમાનની
શક્તિ ખેંચવાની ભાવના ભાવીશ.
સર્વજ્ઞ—સર્વશક્તિમાન મારાથી દૂર નથી,
મારા અંતરમાં જ એ દેવલો,
શાંતિથી વિરાજેલો છે.
આ જ્ઞાન હું ઘુંટીઘુંટીને રાખીશ.

* * *

હું હરેકના હરેક દોષ ભૂલું છું,
મારા આદર્શોને જાગતા રાખું છું.
મારી શાંતિને કોઈ ભરખી શકે નહીં.
એવી શાંતિના સૌને ભાગીદાર બનાવીશ.
આત્મવિકાસનાં રૂપેરી અજવાળાંઓ
હું સૌનાં પર પાથરીશ.
પ્રેમભાવનાના તેજ અંબારો સૌને પાઇશ.
આત્મશુદ્ધિની ચાંદનીની ઠંડક સૌને આપીશ,
ને સૌને સારા આશિર્વાદ દઈશઃ

* * *

રાગદ્વેષની જાળને દરિયામાં ફેંકીશ.
અખંડ આશા ને ઉત્સાહનું ભાતું રાખી ફરીશ,
હરેકમાંથી હું 'મારૂં' દર્શન શોધીશ,
હું 'મને' સાંભળીશ.
સાંભળેલા શબ્દોઃ—
એ મારા સુંદર વિચારોને હું

મનુષ્યજાતિ વચ્ચે છૂટથી વહેંચીશ.
હું મારા કર્તવ્ય પર 'કરડી' નજર રાખીશ.
હું જ મારો ન્યાયાધિશ, જ્યુરી ને
અપીલની છેલ્લી હાઈકોર્ટ છું.
હું જોઉં છું, સાંભળું છું, વિચારૂં છું,
બોલું છું, કરૂં છું. ને રહું છું,
બધું મારા આત્મકલ્યાણ માટે, ને
વિશ્વકલ્યાણની દૃષ્ટિએ જ કરૂં છું!
ક્યાં છે વિશ્રામ?
સજીવ ચેતનાત્મક વિશ્રામ?
એ અનંતશાંતિથી શોધમાં ભમું છું.
મારૂં મન પવિત્ર છે, તો
મારો–તારો આત્મા ચડે છે:
ચડે છે કે પડે છે–
તે જાણવું એજ જીંદગીનું લક્ષ છે
એ જ સાચું આત્મજ્ઞાન છે:

* * *

હું જંખું છું
એ પરમ પુણ્યપ્રકાશને!
આત્મિક પ્રકાશના
સાત્વિક સ્વરૂપને હું નિમંત્રું છું
ઓ સમ્યક્ જ્ઞાન–પ્રકાશ આવ!
ઓ પ્રેરણાદાયી પ્રકાશ આવ. આવીને ઉજાળ!

એ પ્રકાશ, હું ગરીબની
મોંઘી મૂડીરૂપે ચિરકાળ મારી સાથે હો !

* * *

હું શુભદર્શી Optimist છું.
ને Optimistic ભાવના જ ભાવું છું
આત્માની છુપી શક્તિઓને દેખું છું.
આત્મબળ ખીલવે એ શક્તિને પૂજું છું.
ઉપયોગપૂર્વક શકિતની ખોજ કરૂં છું.
એ શકિતથી સૌને શીતળતા આપીશ,
એ 'પ્રકાશ'થી સૌને રસ્તો બતાવીશ.
મારી ઉત્ક્રાન્તિ એકાંતમાં જ છે:
એકાંતમાંજ મારા ' સૂરો ' મને સંભળાય છે.
Meditation ધ્યાનથી પવિત્ર થઇશ,
ધ્યાનથી જ આત્મસંતોષ મેળવીશ,
ધ્યાનથીજ મને પોતાને ' હીપ્નોટાઇઝ ' કરીશ.
' મને કોઇ વસ્તુ અસાધ્ય નથી '
એજ મારા ધ્યાનનો ' ધ્રુવ ' તારો છે.
સંકલ્પ માત્રથી જ–દૃઢ સંકલ્પથી જ
હું મહાન સમૃદ્ધ થઇ શકું છું.

* * *

મારા વ્રતોની આગળ જ્ઞાન દોડતું હો !
મારી દયાની પહેલાં જ્ઞાન ઝરતું હો !
મારો ધર્મ સ્વતંત્રતાની પરિસીમા છે.

મારી અનંત આંખો,
અનંત દર્શનના બળે
સિદ્ધશીલા—મુક્તિમંદિરને વરશે,
વરીને ચિરકાળની શાંતિ પીધા કરશે.

* * *

આર્યત્વના શિખરનો હું મુકુટ છું.

નસનસમાં દૈવતવાળા
ઓ માનવ પ્રાણી ! તું કેટલો અદ્‌ભુત છે ?
સ્વભાવે દેવ સમો છે—થઇ શકે !
તુંજ મહાન શક્તિ છે,
દિવ્યતાનું મનહર મંદિર છે,
પ્રભુતાની ઉંડી ગુફા છે;
તું જ જગતને ચેતના આપી શકે,
તુંજ અજ્ઞાનસાગરમાં દિવાદાંડી સમ ચમકી રહે,
તુંજ વિશ્વને જીવનનું ધ્યેય અર્પી શકે.
તું—તુંજ ઓ આત્મા !
જગતનું મધ્યબિંદુ છો.
મધ્યબિંદુથી જગતને તું ચોમેર ફેરવી શકે.
જગતનો બ્રહ્મા તું જ હોઇ શકે !
I Myself is the Guiding star.
A thought that is best
Near and far,
It produces power,
Which rightly understood
Will help me every hour.

મારા પવિત્ર વિચારો પર
મારું સંપૂર્ણ સ્વામિત્વ છેઃ
હું 'મને' શ્રદ્ધાથી ભારીશ-નિહાળીશ.

* * *

'પોતા'માં શ્રદ્ધાળુ આત્માઓ!
બોલો! જગતને કેવું રૂપ આપશો?
જગત આપણા કાર્યોનો ફોટો છે,
વિચારોની પ્રતિકૃતિ છે.
વ્હાલા આત્મ સ્વરૂપો! આવો!
આપણે સદાય અંતરના ઉંડાણમાં
વ્યક્તિગત ભાવના ભાવીએ કેઃ—

* * *

શ્વેત મંજરી જેવું નિર્મળ,
વિશુદ્ધ, નિર્દોષ ને પવિત્ર જીવન હું જીવીશ.
ઘડી ઠરી જવાનું જગતને મન થાય,
એવો જીવનનો મોહક વિશ્રામઘાટ બાંધીશ.
ઉકળેલી દુનિયાને મારાથી આરામ મળે,
એવો હું શીતળ આંબો બનીશ.
સત્ય ને અહિંસાથી આત્માને પખાળીશ.
પ્રેમ ને પ્રભુતાથી વિશ્વ પર રાજ્ય કરીશ.
જગતના કલ્યાણની ધૂન પહેલાં
મારું 'નિઃસ્વાર્થ' કલ્યાણ સમજીશ.

કારણ ? જ્ઞાન વિનાનો ગુરૂ
દુનિયાને શ્રાપરૂપ છે:
માનવતા વિનાનો માનવી
જગતને ભારરૂપ છે:

* * *

પ્રિય સંસ્કારની વ્યાપક ને
દિલભર હું પૂજા કરીશ.
હું 'મને' પોતાને વફાદાર રહીશ—કારણ ?
મારા જીવનજહાજનો એજ ધ્રૂવ છે !
મારી ઝુંપડીમાં મને મિઠાશ છે.
દુનિઆના મ્હેલો મને નકામા છે.
અણુયે અણુમાં
અનુકંપા ને દયાર્દ્રતા હું સંઘરીશ.
વિચાર, વાણી ને વર્તનથી
કોઇને મારાથી રજમાત્ર દુઃખ ન હો !

* * *

સંસારના રૂદનો હું સાંભળું છું,
સ્હાયે જવા હું દોડું છું.
પણ 'જગત કંગાળ છે—મારી
સ્હાય માટે સદાય પાંગળું છે'
એમ સમજી જગતનું અપમાન કેમ કરૂં ?
સ્હાય કરીશ—દોડાવવા માટે,
પાંગળાને વધુ પાંગળા બનાવવા નહીં.

* * *

ધર્મ એ મારે માટે છે.
હું ધર્મને માટે નહીં.
મારી "દિવ્યતા" પ્રગટાવે તે મારો ધર્મ !
દિવ્યતાનો સાક્ષાત્કાર કરાવે એજ મારો ધર્મ.
પ્રિયમાં પ્રિય વાસનાને 'વીંધવી'—એ મારૂં કર્મ !
શુષ્ક પ્રાર્થના કે પશ્ચાત્તાપના અખાડા નહીં;
પરંતુ માનવતા પર દેવત્વના
'સિંહાસન' રચવા એ મારો આદર્શ !
વાદવિવાદો મને પસંદ ન હો !
મારે તો સિદ્ધાંતોને જીવનમાં પચાવવા છે.
મોક્ષના સાક્ષાત્ દર્શન કરવા છે,
મોક્ષની ફીલ્મો નહીં.
નિર્વાણનો પ્રકાશમાન પંથ શોધવો છે.
નિર્વાણના 'નવરા' તડાકા નહીં.
ચકરાવા લેતી જગતની માનસિક તુલા
સ્થિર કરી વિજય હું જરૂર વરીશ.
ને મૃત્યુ પછી આલોક ને પરલોકમાં
સુખદ યાદગીરીઓ ઉભી કરીશ,

* * *

લોહીથી છાતીપર હું લખું છું,

'કશાયથી ડરીશના !
આ ક્ષણેજ કામ કર !
ગમે તે પવિત્ર કાર્યોની પાછળ

કોઇ અદૃશ્ય શકિત તારી સહાયે ઉભી છે.
હું વિચારો જેવું વર્તન રાખીશ.
સ્થળે સ્થળે જ્ઞાનની પરબો બાંધીશ.
સુજનતાની દિલખુશ લ્હેરો ચોમેર છોડીશ.

* * *

અખૂટ શ્રદ્ધા ને અનંત ધૈર્યથી,
સહાનુભૂતિ ને વિશાળ દૃષ્ટિથી
જગત પર હું પગલાં પાડીશ
જીવન અને કાળની પ્રત્યેક
અવસ્થાને પવિત્ર હું માનીશ.
દરેકમાંથી છૂપુ સૌંદર્ય શોધીશ.
મારો પ્રેમ જગતના દોષો પીશે.
દોષો પીતાં, તે જગતને જીતશે.

* * *

હું શાંતિ શોધું છું-શાંતિ કયાં છે ?
નિર્જીવ શાંતિ નહીં,
મનુષ્યત્વને હણનારી ' વિષમય ' શાંતિ નહીં.
યોગીને છાજતી શાંતિ જોઇએ,
સૈનિકને છાજતી શાંતિ જોઇએ,
રસમય, ભવ્ય ને ' જીવતી ' શાંતિ જોઇએ !
સદાય ' યુદ્ધ વચ્ચે ' ઉભા રહેવા છતાંય—
છતી શક્તિએ આત્મા ' અડોલ ' રહે;
એવી પરમ શાંતિનો હું ચાહક છું.

* * *

હું સાચો મનુષ્ય–જિતેંદ્રિય બનીશ.
એકાંતના નિર્જન સ્થાનમાં
યૌવનમસ્ત મોહક સુંદરીનું જોબન
મારી હાજરીમાં પવિત્ર રહો !
સંયમ સાધે તે વીર–બળવાન !
સ્ત્રીના મોહબાણથી વિંધાય તે પુરૂષ નહીં.
જિતેંદ્રિયતાની શક્તિથી હું 'વીર' બનીશ.

* * *

સંસારની અસરોથી 'પર' રહી
અસરોને જ 'મારા'માંથી જન્માવીશ.
સંસારના આડંબરો તજીશ.
આત્માને રાતદિન જાગૃત રાખીશ.
જીવનનાં ગઢ પાછળ નીતિની ભીંટી દોરીશ.
આનંદભર્યા જીવનને જાળવવા
લોભ કે ક્રોધ, મોહ ને માયા,
સ્પૃહા ને ઇર્ષાની ડાકિણીઓને હાંકીશ.
સૌંદર્યના મોહ, કીર્તિના મદ,
સંસારના લોહચુંબકો, સંશયો ને તૃષ્ણાઓ;
આ બધી મોહજાળો હું તોડીશ.
સંસારમાં રહીને—
સંસારીના વેષ સજીને પણ—
પ્રમોદભવનોમાં વસીને પણ—
આ મોહજાળો તોડીશ–વિરાગી રહીશ !
'સંસારી સાધુ' બનીશ—

ને બતાવીશ કે આનું નામ 'વૈરાગ્ય.
આનું નામ વીરોચિત 'વૈરાગ્ય.'
વરાગ્યનો આ પણ એક ઉજ્વળ ફાંટો છે.
અને વૈરાગ્યનો સાચો આદર્શ
જનસમાજને પૂરો પાડીશ.
જળમાં રહેવા છતાં
કમળ સમ નિર્લેપ જીવન જીવી બતાવીશ.

* * *

એક ડગલું 'આગળ'—

સ્વયં સ્ફૂરિત ત્યાગથી આત્માને, ઉજાળીશ.
જે ત્યાગ જગતને શાંતિ આપશે.
સર્વત્ર જીવનની સુવાસ ફેલાવશે.
સ્નેહીઓની નાની "ઘોલકી" (ઝુંપડી) છોડી
હું વિશ્વના સ્નેહ 'સર્કલ' માં પ્રવેશીશ.
સંસારીનાં સ્નેહભીના વાત્સલ્યો,
મને ડગાવે નહીં,
પ્રતિપક્ષીના વિષમય તીરો
મારી રમણીયતાને વીંધી શકે નહીં
મોહમય સંસારના આકર્ષણો,
અને તેના ભયંકર વમળો
પાછા ફરો! અહિંયા તમારૂં કામ નથી.
આ દરીયાવ દીલને સંસાર બાંધી શકતો નથી.
હૃદયના પ્રેમ ને વિશ્વકલ્યાણ ભાવના જ

મને આગળ ધકેલશે ! ને—
મારા તરફ જોઇને જગતને ઓર સુધા મળશે !
'વૈરાગ્ય' એટલે 'હૃદયનો બદલો'
'ત્યાગ' એટલે 'હૃદયપલટો'
એ ત્યાગભાવના માત્ર વેશ માગતી નથી,
પણ પલટાયલા દિલનો રંગ યાચે છેઃ
એવા રંગભરી કલ્યાણભાવનાનો પ્યાલો
ઉભરાઇ જાય, ને
જ્યાં જ્યાં તેનાં પ્રવાહો ધસે—
તેનું નામ 'આગળ'! એજ 'પ્રગતિ'! ત્યાગ !

* * *

આકર્ષણ ને નિરાકર્ષણથી હું દૂર છું.
બાદશાહનો બાદશાહ 'હું' પોતેજ છું.
પ્રભુનો પ્રભુ મારી તહેનાતમાં છે.
અરે ! હું જ મારી 'સેવા'માં ખડો છું.
ક્ષણભરની આ ભાવનાથી,
હું શકિતનો ધોધ પીતો 'મને' જોઉં છું.
દિવ્યતાની શોધમાં ભાવનામાં
પ્રકૃતિઓને ખૂદ દાસત્વ સ્વીકારતી પેખું છું.
માનવશકિતની સંપૂર્ણ શક્તિઓ હું ખીલવું છું.
પ્રસન્નતાની મૂર્તિ થઇ જગતમાં હું ફરૂં છું.
માનવીની સનાતન લક્ષ્મી
ને પ્રભુતાની પરમ ઔષધિ,
આશા, ઉદ્યમ ને ઉચ્ચ ભાવનાનો

હું જીવનભર પાલક છું–રહીશ.

* * *

મારું વીર્ય ઉચ્ચ આનંદોને શોધવા દોડશે.

હું અર્થ વગરના વ્યાપારથી પાછો ફરીશ.
સમતોલ વૃત્તિ જાળવવા હું સદાય મથીશ.
અને આત્મરમણતામાં જ જીવીશ–મરીશ.
સમાન ગુણી સાથે મૈત્રીભાવના.
દુઃખી ને અજ્ઞાનજનો તરફ કારૂણ્યભાવના,
ઉચ્ચ જ્ઞાની–ગુણી સાથે પ્રમોદભાવના,
ને હલકાજનો તરફ માધ્યસ્થ ભાવના ભાવીશ.
નિરંતર 'સ્વાધ્યાય' માં જવાનો મંત્ર જપીશ,
સઘળા વિતર્કોને તજી 'કાર્યોત્સર્ગ' કરીશ,
સર્વે જીવયોનિને ખમાવીશ, ને
'અનર્થદંડ'થી વિરક્તિ લઇશ.
Passive નિષ્ક્રિયતામાંથી
Active ક્રિયાકારક 'સામાયક' માં પ્રવેશીશ.
અને જંજીરોથી જકડાયલા આત્માને—
જડતાથી મુક્ત કરીશ.
મૂઢદાળ સ્થિતિમાંથી ચૈતન્યમાં આવીશ
સ્થિતિચુસ્તતામાંથી 'ઝરામાં' વહીશ.
સમર્થ આત્માઓની છાયામાં હું વિકસીશ,
ને સાચું 'પરમેશ્વરત્વ' સાધીશ.
કુદરતની યોજનામાં મને વિશ્વાસ છે,
મારી આત્મશક્તિમાં મને શ્રદ્ધા છે.

હું સર્વસ્વ છું.
વિધિના પૈડાં હું જ ફેરવું છું,
વિધાતાના રથનો 'હું'જ સારથિ છું,
હું ભક્ત ને ભોક્તા છું.
હું પુરૂષ છું, વીર છું,
પાકો પુરૂષાર્થી છું.

* * *

હું પોતાને 'ભાષણ' Auto Suggestion દઈ
મનોબળ (Will to power) કેળવીશ.
સૂક્ષ્મ વાસનાઓ!
હટો! હટોજી! હું પણ સૂક્ષ્મ આત્મા છું,
સ્થૂળ માનીને રખે ફસાતા, ઠગાતા!

* * *

મારા મૃદુ હૈયામાં અહિંસાનું અમૃત છે.
મારા વજ્રહૈયામાં—મારી પોતાની પર
'ઑપરેશન' કરવાની ક્રૂરતા પણ છે.
આ ક્રૂરતા ને કોમળતા
મારા 'શત્રુંજય' પથના બે ભોમીયા છેઃ
હું મહાવીર પુત્ર!
હું ક્ષત્રિયનો વારસ છું.—પણ,
આશાભર્યા જીવોના જીવનસહને ચીરવા નહીં.
ચીરેલાને સાંધવા માટે છું—
મારો ઓજ ક્ષત્રિયધર્મ છે.

શત્રુમાંય દિવ્યતા હું દેખું છું.
પાપીને નહીં, પણ 'પાપ' ને હું ધિક્કારૂં છું.

* * *

સાત્વિકવૃત્તિમાં સદાય જાગતા રહી
તુચ્છતાને દેખી દયા ખાઉં છું.
'અહં' ના દ્વાર બંધ કરી
દિવ્યજ્ઞાનના દુરબીનથી સૌને નિહાળું છું.
આ દેખાતી અગાધ શાંતિમાંથી—
Voice of Silence–દિવ્યતા સાંભળું છું.

* * *

મૃત્યુ ભલે રાખ ફેંકી ઉડાડે,
પણ સત્યમાર્ગથી હું ચળું નહીં
સ્વતંત્રતા એવી ચહું કે
જ્યાં ભીતિ કે ભ્રમણા નહીં
પ્રકાશના પુંજોમાં બસ!
'પ્રકાશ' થઇ હું મળી જાઉં!

* * *

આત્માની મસ્તાનીઓ હું ખેલીશ,
ને જગતને એ ખેલમાં નોતરીશ.
મારા ચ્હેરા ને કાર્યો પરથીજ
સુંદર 'શાખો' હું જન્માવીશ,
કે અનંતા યુગો સુધી
એ ચ્હેરાને સૌ 'ભણ્યા' કરે,

તેમાંથી અમૃત પીધાં કરે,
ને નવજીવનનું ગાન ગાતા ફરે,

* * *

જીભ કરતાં આંખથીજ
ઘણુય કામો હું આટોપીશ
સૂતેલાને 'મૌન' સંકેતથી જગાડીશ.
કારણ—અમુક ભૂમિકા પછી
શબ્દો ને ઉપદેશ, એ મારે મન જંજાળ હશે !
ખોટી મોટાઈ, દંભભર્યો વિવેક
ને નકામી ધમાલો ! દૂર હો !
જગતનું તમે ખૂબ બગાડયું છે,
'Show' કરવામાં દુનિઆએ
ઉંધુ ઘાલીને તમને આડી અવળી વાપરી છે.
દૂર હો ! કૃપા કરી, દૂર હો !

* * *

જ્ઞાનના શિખર પર ઉભા રહી
દુનિયા સાથે હું વાત કરીશ,
શાંતિ ને મધુરતાના એ મંદિરે
દર્શન કરવા મૌનથી સૌને બોલાવીશ.
થોડું ખાઈને, ખૂબ પચાવીશ.
અતિજ્ઞાનના અપચા કરતાં—
થોડું ખાઇને માનવતા હું કેળવીશ.
મનુષ્યત્વનું અપમાન—
એ એકજ વસ્તુ મારાથી સહન નહીં થાય.

* * *

આવેશ ને લાગણી, મારા પાળેલાં કુતરાં છે.
સ્વભાવ પર કાબુ
એ તો મારો અનંત ખેલ છે.
'વ્યવહારપણા' ના વર્તન કરતાં
આદર્શનું ગુમાન—ખાનદાન ગુમાન
હું સદાય જાગૃત રાખીશ.
નવો પ્રાણ, અમૃતભર્યો વિચાર,
ને સંતોષભરી જીંદગીના
મધુરા શ્વાસ અહર્નિશ હું ખેંચીશ.
આત્મા, વ્યક્તિ, સમાજ ને ધર્મ.
રાષ્ટ્ર ને વિશ્વની પરતંત્રતા
ફોડવા હું સર્વસ્વ ત્યાગી છૂટીશ.
વ્યક્તિસ્વાતંત્ર્ય સારૂ વિલાસો તજીશ.
સમાજ—ધર્મ કાજે ભવ્ય તપશ્ચર્યા કરીશ.
રાષ્ટ્ર ને વિશ્વના સુખો માટે
સ્વર્ગના સુખો હું વિસારીશ,
બદ્ધને મુક્તિ આપવી એજ મારો ધર્મ છે.
ધર્મ પાળતાં, જીવનને કુરબાનીથી,
દયા, ક્ષમા ને સૌજન્યથી અજવાળીશ.
નિયમિત જડત્વને બદલે
રસમય ચૈતન્ય હું મ્હાણીશ.
મારા જીવનની,
મારા વિચારોની,
મારા કાર્યોની—
આટલી આટલી ભાવનાઓમાં

જે જે અપૂર્ણતા હોય,
તેને 'પૂર્ણ' કરવાને ભગીરથ તપ હું આદરીશ.
આત્મા મારા શરીરમાં નથી, પણ
મારી ભાવનામાં—
મારી 'વિચારસૃષ્ટિ' માં વિરાજે છે.
એ જ્ઞાન હું ઘુંટી ઘુંટીને રાખીશ.
વિચારોને નબળાં કરી
આત્માને હરગીજ નહીં અભડાવું,
મારો આત્મા પવિત્ર છે.
વિશ્વના દરેક ભાગો પવિત્ર છે.
મારી દૃષ્ટિ પવિત્ર છે.
હું દિવ્ય છું,
હું મહાન્ છું,
જગતની શાંતિનો હું ચાહક છું.
'વિશ્વનું કલ્યાણ થાય'—
એ મારી પ્રતિપળે જાગૃત ભાવના છે.
ઓ આત્મ સ્વરૂપો !

* * *

પધારો 'અંદરના' મંદિરના ઉંડાણમાં—
આપણેજ આપણા દેવ થઇએ:
આપણેજ આપણા શિક્ષા 'ગુરૂ' થઇએ.
ને મોક્ષમાર્ગના ભોમીયા થઇ
સૌ જગતજીવોને પ્રકાશ બતાવીએ !

* * *

ચાલો!

આપણે દિવ્યતાને પંથે!
સૌ સાથે જ વિચરીયે.
વિવિધ પ્રકૃતિના દેખાતા વિરોધી
સ્વભાવો ને વિરોધી કાર્યો, એ
આપણાં એક બીજાનાં જ વાવેલાં ફળો છે.
આપણી સૌની પ્રકૃતિનું કેન્દ્ર એકજ છે,
સૌનું સુકાન એક જ,
એકજ—એકજ આત્માના હાથમાં છે.
તે તમે ને હું—આત્મા!
અફસોસ કરી કરીને પોતાની
તુચ્છતાના ગીતડાં આપણે
ઘણાં ગાયા, ઘણા ગાયા, ગાઇ ગાઈને ભૂલ્યા.
ઘણાં ભૂલ્યા,
ભૂલીને પરિણામે
આપણે આપણી ઉછાળા મારતી ભવ્ય
આત્મશક્તિઓને ખોઈ નાંખી, વિસારી!

* * *

ચાલો! ભૂલ્યા ત્યાંથી ફરી!
આપણે દિવ્યમાર્ગના મુસાફરો છીએ.
જગતમાં સૌનું કલ્યાણ થાવ!
અને વિશ્વના પેટમાંથી અમી—જળના
ફૂવારાઓ સદાય ઉડતા રહો! આપણે પ્રેમથી પાન કરીએ!

ૐ अर्हं

શું વાંચશો ?

લેખકઃ બંસીના બીજાં પુસ્તકો

આત્મવીરની કથાઓ:

(૧) જૈનોના જૂનાકથા ભંડારમાંથી વીણેલી
(બીજી આવૃત્તિ) આ ૨૪ રસિક વાર્તાઓ વાંચો !
કિંમત ચાર આના.

જૈનોનાં મહાન્ રત્નો:

(૨) "જૈનત્વ"ના પાણીથી ઝળકી રહેલાં
(સ્ટોકમાં નથી) ત્રણ કોહીનૂરોનાં તેજસ્વી ચરિત્રો વાંચોઃ
કિંમત એક રૂપીયો.

આદર્શ સાધુ

(૩) 'આદર્શ સાધુ'ના મધુર દર્શન કરવા
(હવે પછી છપાશે) ઇચ્છનાર અને એવું ભવ્ય જીવન
જીવવાની હોંશ રાખનાર જરૂર વાંચે.

ક્યારે વાંચશો ?

નોંધી લેજોઃ આ ત્રણે પુસ્તકો વાંચવા જેવાં છે.

(પ્રથમ આવૃત્તિ વખતે મળેલાં)

અભિપ્રાયોની વાનગી

(૧)

I read "Adarsha Jain" by Mr. Bansi, and found it highly interesting: It idealizes his liberal views in quite a charming manner:

The book though goes by a Jain name, in spirit, it concerns not only with the limited gathering but humanity as a whole and hence all will be benefitted by going through the same carefully.

Agra. *B. Vishnu.*

(Editor 'Vedant Kesari')

(૨)

આવતી ઓજસ્વિની કલમથી લખાયેલ લઘુ પણ અત્યુપયોગી પુસ્તક '**આદર્શ જૈન**' માં આદર્શ જૈનનું બહુજ ગંભીર સત્ય સ્વરૂપ વિચારી મધુર ભાષામાં આલેખાયું છે: આદર્શ જૈનનું સાચું સ્વરૂપ જાણવા, સમજવા ઇચ્છનારે અને આદર્શ જૈન બનવા ચાહનારે એ પુસ્તક અવશ્ય વાંચવું જોઇએ. બંસીનાં નાદ ઝીલી વિચારો વર્તનમાં મૂકી આદર્શ જૈનો પ્રકટે એ ઇચ્છવાયોગ્ય છે. લેખનકળા વિશેષ ખીલે અને તે દ્વારા જૈનસમાજને ઉન્નત કરવા આપ ઉચ્ચ ફાળો આપવા સમર્થ નિવડો તેમ અંતઃકરણથી ચાહું છું.

પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી

વડોદરા.

(૩)

'આદર્શ જૈન' બહાર અને અંદરથી બન્ને પ્રકારે આકર્ષક બનાવ્યું છે તે માટે ધન્યવાદ! આદર્શ જૈનમાં તમોએ જે જૈનત્વની સુંદર ભાવના (જૈન ભાવના) નાંખી છે તેમ દરેક પુસ્તકમાં જૈનનાં આદર્શો–જૈન ધર્મની વિશેષતાઓ રસિલા શબ્દોમાં મૂકતા રહેજો, જેથી તમે વધારે સફળ થાઓ.

મુનિશ્રી હીમાંશુવિજયજી
શીવપુરી

(૪)

'આદર્શ જૈન' પુસ્તક સારી પ્રાણવાન ભાષામાં લખાયલું, ને સુંદર વિચારો રજુ કરનારૂં છે. એ બદલ બે મત નથી. × × × આ પુસ્તક જૈનસમાજમાં એક નવું વલણ અખત્યાર કરશે એવી મને પાકી ખાતરી છે. કારણ તેમાં સઘળુંજ નવું છે, તેની શૈલી નવીન છે, વિચારો રજુ કરવાની પદ્ધતિ જૂદી તરેહની છે. વિગેરે કારણોથી તે પુસ્તક જૈનસમાજ માટે તદ્દન નવીનજ ગણાય.

ચંદુલાલ ચીમનલાલ શાહ
પુના

(૫)

ખરેખર Style માટે ધન્યવાદ ઘટે છે. એકેક લીટી એક જાતનું axiom જ બની રહે છે. અને વિચારનારને અનેકવિધ ખોરાક મળે છે. વધારામાં એટલુંજ ઇચ્છું કે આ એક અણુમોલી ધૂનની પાછળ આ અતિ કલ્યાણકારી, અતિ ભવ્ય, અતિ દીર્ઘદર્શી, અતિ સ્વદેશાભિમાની અને સાચી મહાનગીભરી ભાવનાનાં દર્શન ભાવિકજનો કરે અને તેનો ખરો ધર્મ ને મર્મ સમજે તો

તમારી મહેનત સફળ થઈ ગણાશે. × × × જીવનનાં પ્રાતઃકાળમાંજ આવું આવું કાંઇક ચીરંજીવી કરી જવાનો પ્રયોગ ઓછો પ્રશંસાપાત્ર ન ગણાય. હવે પછી ‘ જૈન પતિ ’ ને ‘ જૈન પત્ની ’ ની આશા રાખું ?

મણીલાલ વનમાળીદાસ શેઠ

કલકત્તા.

(૬)

શ્રી. બંસીને વિદિત થાય જે તમારૂં ‘ આદર્શ જૈન ’ પુસ્તક બહુજ પ્રેમથી વંચાતું જોવામાં આવે છે. અમારા કચ્છી પાડોશીએ તો પોતાના ઘણા શ્રીમંત અને અન્ય મિત્રોને લ્હાણી તરીકે તે વહેંચેલ છે. તમારી લેખનપ્રવૃત્તિમાં તમને વિશેષ વિજય મળતો રહે તેવી ભાવના સાથે તમને અભિનંદન આપીએ છીએ.

શા વીરચંદ પાનાચંદ

મુંબઇ.

(૭)

‘ આદર્શ જૈન ’ નું પુસ્તક સાંગોપાંગ આજેજ વાંચવામાં આવ્યું. નૂતન જૈનસૃષ્ટિ સર્જવાને માટે આવી શૈલીથી પુસ્તકો લખવાની ખાસ આવશ્યકતા છેઃ પ્રસ્તુતઃ શૈલી સુવિખ્યાત કવિવર શ્રી. નાનાલાલને મળતી છે. પરંતુ શૈલી માત્રથી સંતોષ નહિ પામતાં તેમાં પ્રત્યેક વાકયે ને પદેપદે શબ્દનાં લાલિત્ય સાથે આંતર રહસ્યો ઉકેલવાના હોય છે. પૃથ્વીની સપાટી પર આધિભૌતિક જીવનમાં રસ લેતા મનુષ્યોને ભૂગર્ભ બતાવી આધ્યાત્મિક વીરતા ભરી ઘટનાઓ દર્શાવી આશ્ચર્યમૂગ્ધ કરે છે. આ ઉત્તમ હેતુને તમારી કલમ સિદ્ધ કરી શકશે તેવું લાગે છે.

(૭)

નિશ્ચયનય—નમ્ર સત્ય દ્વારા જૈનની ઓળખાણ ચૈતન્ય-મય ભાષામાં પ્રતિભાશાળી લેખીનીથી ઘણી જ સુંદર રીતે પ્રતિપાદિત થયેલી છે. તમારો પ્રયાસ હજું પણ આગળ વધારશો તો જૈનસમાજમાં ઉચ્ચ વાતાવરણ પ્રકટાવશો, ને તેથી ઘણાં પડોમાં આચ્છાદિત થયેલી સત્ય વસ્તુ બહાર આવી શકશે તે ચોક્કસ છે: જીવન અને મૃત્યુના સવાલોને જેઓ પારખતા શીખી ગયા છે તેઓજ તમામ દૃષ્ટિબિંદુઓને જૂદા જૂદાં સ્વરૂપોમાં જગત સમક્ષ ખડા કરી શકે છે. પુસ્તકનાં પ્રત્યેક પદ પર સારા વિવેચનની આવશ્યક્તા છે, જેથી જનસમાજ સ્ફૂટતાથી સમજી શકે: કેમકે પ્રત્યેક રહસ્યો તલસ્પર્શી અને ઉંડાણવાળા છે: નાની ઉંમરમાં તમારી તલસ્પર્શી શક્તિનો સદુપયોગ ઘણો સુંદર અને પ્રખર નીવડયો છે. × × × તમોએ મોકલેલ 'આદર્શ જૈન'ની કોપી ભાઈ નાનચંદ ઓધવજી (નડીયાદ) તેમને બહુ જ પસંદ પડવાથી તેમજ તેઓ પોંડીચરીમાં યોગ સાધનાને અંગે જરૂરી લાગવાથી લઈ ગયા છે. તે સ્હેજ: 'આદર્શ જૈન' જેવાં અનેક પુસ્તકો લખવા શક્તિ ને પ્રગતિ પ્રાપ્ત કરો એમ ઇચ્છું છું.

ભાવનગર **ફત્તેહચંદ ઝવેરભાઇ શાહ**

(૮)

આપનું 'આદર્શ જૈન' પુસ્તક સાદ્યંત વાંચી ગયો: 'જૈન' શબ્દની સંકુચિત વ્યાખ્યામાં પડી રહેલી જૈન અને 'અજૈન' સૃષ્ટિ સમક્ષ આપે 'જૈન' ની આદર્શ, ઉદાત્ત તેમજ વિશાળ વ્યાખ્યા રજુ કરી ખરૂં જૈનત્વ સમજાવવાના સુપ્રયત્નમાં સર્વાંશે સફળ થયા છો, એમ કહેતાં મને ઘણો આનંદ થાય છે.

વિશેષમાં હું આશા રાખું છું કે કૂપમંડુક વૃત્તિ ધરાવતો વર્તમાન સમાજ આપનાં 'આદર્શ જૈન' પુસ્તકનાં

વાક્યે વાક્યનું જ્યારે જ્યારે અને જેમ જેમ ચિંતન, મનન અને નિદિધ્યાસન કરશે ત્યારે ત્યારે અને તેમ તેમ તે પોતાનું સંકુચિત જૈનપણું ભૂલી જઇ વિશાળ અને આદર્શ જૈનત્વને સમજશે અને આચરશે.

ઘાટકોપર — માવજી દામજી શાહ

(૯)

આ મરૂભૂમિ સુધી યે બંસીનાં મીઠાં સ્વર પહોંચ્યા છે. 'આદર્શ જૈન' ની ભાવના નદનાં નીર દૂરથી ઉછળતાં અવલોકયાં: મૃગજળમાંય મોહિત થતા મરૂસ્થાનનાં નિવાસીઓ આવી સજળ નદીને નીરખી વધુ આતુર કેમ ન બને? અમારા મંડળ (જ્ઞાન પ્રચારક જૈન મંડળ) ની પ્રબળ ઇચ્છા છે કે આ નિર્મળ નીર મરૂપુત્રોને પાઇ તૃષા મટાડવાની અને બંસીનાં સૂર હિંદી ભાષા જાણનારને હીંદી ભાષામાં સંભળાવવાની: અનુવાદ કરીએ તો આપને હરકત શાની હોય?

બગડી — ડી. કે. તુરખીયા

(વ્ય. જ્ઞાન. પ્ર. જૈન મંડળ)

(૧૦)

जबसे आप की 'आदर्श जैन' किताब कोसी अन्य के पास देखनेमें आई और कुछ पढी तब ही उसे जीतनी जल्दी हो उतनी जल्दी प्राप्त हो जावे तो अहोभाग्य माने, एसा निश्चय कर के आपको पत्र लीखा गया था मगर वो उम्मीद जल्दी पुरी न होनेसे आत्माका आनंद में आघात सा मालुम हो रहा है।

ब्यावर — मोतीलालजी रांका

(मेनेजर जैन पुस्तक प्रकाश कार्यालय)

(૧૧)

'આદર્શ જૈન'માં આપની કલમની સફળતાને મુબારકબાદી આપું છું.

મુંબઇ

લાલજી હીરજી શાહ
મેઘરાજ પુસ્તક ભંડાર

(૧૨)

'આદર્શ જૈન' નામનું પુસ્તક લખી ખરેખર જ તમે જૈનસમાજનાં વર્તમાન સાહિત્યમાં મોટી ખોટ પૂરી પાડી છે; એ નાની ચોપડીએ પણ ઘણું જ આકર્ષણ કર્યું છે. શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહના સાહિત્ય પછીનું આપનું સાહિત્ય આજના જૈનયુગમાં પદ પામતું દેખાય છે. બંસીની જૈનત્વની વિશાળ ભાવના આ સાહિત્યમાં ઝળકે છે, ભાવ આદર્શ છે. 'જૈનત્વ' ના પોષક છે. આદર્શ 'જૈન' ની પ્રસ્તાવના આંખો સામે હજુંય તરી રહી છે. તે ભુમિકા જ જૈનના મોટા મોટા લેખકોને ભૂલાવી દે છે. પુસ્તકનો એકે એક શબ્દ બંસીની મધૂર ધ્વનીથી ગાજી રહ્યો છે. ખૂણે ખોંચરે બંસીનો મીઠો નાદ છુપો રહી શકયો નથી; એ વીણામાં મંત્રમુગ્ધ બની જવાય છે. આશા છે કે બંસીનો ગહેરો ને મધુરો નાદ જૈનોનાં મુનિરાજોનાં કાને પડશે ને સફળતા વરશે. 'આદર્શ જૈન' ની બે આવૃત્તિ શામાટે? તેની તો અનેક આવૃત્તિઓ અનેક ભાષામાં કઢાવીને 'જૈનત્વ' નાં તેજનો પરિચય જગતને કરાવવો ઘટે: એક સુચના કરૂં? હવેની ત્રીજી આવૃત્તિમાં જૈનનાં મુખ્ય સિદ્ધાંતોનો સંયોગ કરાવી, પુસ્તકને મોટું રૂપ આપી 'જૈનગીતા' ને નામે પ્રસિદ્ધ કરો! દરેક ધર્મી પાસે પોતપોતાની ગીતા છે, પરંતુ જૈનજગત પાસે જૈનગીતા નથી, ને જૈનો પાસે એક પણ જમાનાને અનુકૂલ એવું આદર્શ પુસ્તક નથી કે જે જૈનસિદ્ધાંતને તેનાં સ્પષ્ટ ને સુંદર સ્વરૂપમાં પોષતું હોય. આગામી આવૃત્તિ આ જગા ખાલી થાય એમ ચાહું છું.

મુનિ શ્રી મોહનઋષિ

વર્તમાનપત્રોના અભિપ્રાયો

૧

આદર્શ જૈન: લેખક રા. બંસી, પ્રકાશક પ્રભુદાસ મહેતા, ક્યુરેટર શ્રી વિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર આગ્રા.
કિંમત આઠ આના.

કોઈ ભૂખ્યા રસયોગીને વર્ષોનાં ઉપવાસ પછી રસનું ટીપું મળતાં જે આનંદ થાય તેટલો હર્ષ અમને સમાજનાં એક આશાવંત યુવક ભાઇ બંસીનું હમણાં તાજું જ પ્રગટ થયેલું આ પુસ્તક જોઇને થયો: 'આદર્શ જૈન' સાચે જ આદર્શ પુસ્તક છે. લેખકનું વ્યક્તિત્વ અને વિચારો તેમાં અજબ રીતે ખીલેલાં જોવાય છે. જો કે બે ચાર સ્થળે કૈંક કૈંક સ્ખલના થયેલી દ્રષ્ટિએ તરી આવે.

સાહિત્ય એ જીવનને ઉન્નત બનાવનાર શક્તિ છે, એવું સમજનારા રસિકો જ આવા ઉંચા સાહિત્યની મિઠાશ લઇ શકશે એમ અમારૂં માનવું છે. તેમાં જૈનના આજનાં કંગાળ જીવનની અંતર્ગત પર્યાલોચના કરી આદર્શ જૈનનું સાચું જીવન, જીવતી ભાષામાં આપવાનો લેખકનો પ્રયાસ છે. જૈનની નવપ્રજાને પ્રેરક ને પ્રોત્સાહક બની રહે એવું આ પુસ્તક દરેક જૈન કુમાર ને કુમારિકાનાં હાથમાં શોભી રહેવું જોઇએ, અને યુવાનોથી માંડી વૃદ્ધોએ અધ્યાત્મનાં આપણે ત્યાં આજે વધી પહેલાં પિષ્ટપેષણો પરથી દષ્ટિ પાછી ખેંચી એકવાર આ પુસ્તકને વાંચીને પચાવી જવાનાં પુરૂષાર્થ આદરવાની ભલામણું છે.

લેખકની વિવેચનશૈલી સચોટ છે: કોઇ સ્થળેથી સંગીતની લ્હેરો ઉઠે છે, તો કોઈ સ્થળેથી સાધુની સાધુતા ટપકે, કોઈ સ્થળેથી યોદ્ધાની વીરતા ઝરે તો કોઈ સ્થળેથી યોગીની મજબૂત મનોવૃત્તિનાં દર્શન થાય છે: આ

પુસ્તકમાં અનેક ઉન્નત ભાવનાઓ, સંસ્કારો, ને શબ્દેશબ્દ સમજીને વાંચવા જેવાં છે. જૈનસમાજની આજની કંગાળીયત વચ્ચેથી જેમને વિકાસ કરવાનો છે, તેઓએ નવનવી ને તેજસ્વી ભાવનાઓને પોષવા આવા પુસ્તકો અવશ્ય વાંચવા જોઇએ. લેખકે દોરેલાં ચિત્ર જેવાં આદર્શ જૈનોથી આપણી જૈનસૃષ્ટિ જ્યારે રચાશે ત્યારે દુનિયા આપણાથી જરૂર અંજાશે તેમાં શક નહિં.

લેખકની વેગભરી ભાષામાં એક બે સારા ખાડાખડીયા પડેલાં છે. આ વસ્તુ નિવારી શકયા હોત તો સારૂં થાત. કોઇક સ્થળે ભાષા ભારેખમ બની ગઇ છે. તેથી સામાન્ય વાંચકને સમજવા થોડીક તસ્દી આપશે ખરી ! આમાં સંગ્રરેલા વિચારો કેટલાક સનાતન સત્યો જેવા છે. તેમાં શૌર્ય ને સમતાનો અદ્દભૂત યોગ છે. જૈનત્વની ઉંડી માહિતીઓ છે, અને અહિંસા ધર્મ પાલનારી જૈનપ્રજાને માથે નબળાઇનો ટોણો મારનારી વ્યક્તિઓને સચોટ ને ગૌરવભર્યો જવાબ છે. સાથે સાથે આપણાં ધાર્મિક સિદ્ધાંતોની પણ સંકલના એવી ખૂબીથી-સફળતાથી થયેલી જોવાય છે કે કોઇ પણ Creed કે Faithમાં માનનારો તેને સાંપ્રદાયિક પુસ્તક માની ભડકી ઉઠશે નહીં, તેથી જ જૈન તેમ જ જૈનેતર મિત્રોને ભેટ આપવા લાયક કોઇ નાનું ને મનોહર પુસ્તકની પસંદગી કરવાનું અમને કોઈ કહે તો આ પુસ્તક ધરી દઇએ.

'જૈન જીવન'ના વાચકો ભાઈ• બંસીની તાજી પ્રસાદીઓથી સુપરિચીત છે. એ જ ભાઇનાં આધ્યાત્મ ને શૌર્યની મસ્તીથી ઉભરાતા આ પુસ્તકને વાંચવાની અમારી દરેક શિષ્ટ વાંચકને ભલામણ છે. અમે ભૂલતાં હોઇએ તો કહી દઈશું કે રા. વાડીલાલ મોતીલાલ શાહની ભાઇ બંસીના વિચારો પર ઘણી જ ઉંડી છાપ પડેલી છે. તોય શ્રી. વાડીલાલમાં જે લુખ્ખાશ લાગે, તે ભાઇ બંસીમાં રસભર્યું ભાસે છે.

પુસ્તકનું ગેટઅપ મનોહર, અને આખું પુસ્તક આર્ટ-પેપર પર છાપીને, ત્રિરંગી કલરમાં ટાઇટલ બનાવી આઠ આનાની કિંમતે આવું ઉપયોગી ને આદર્શ પુસ્તક જૈનપ્રજા પાસે મૂકનાર ભાઇને અમારા અભિનંદન છે. દરેક ઉગતા જુવાને આસપાસનાં 'અધ્યાત્મિઓ' કવેળાએ કરમાવી નાંખે તે પહેલાં આ પુસ્તક સવેળા વાંચી લેવું જોઇએ: શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે કે આવા પુસ્તકો અમે પચાવીએ!

'જૈનજીવન' પત્ર–પુના.

(૨)

'**આદર્શ જૈન**' વિષેની પોતાની સૂક્ષ્મ ભાવનાસૃષ્ટિને આ પુસ્તકના સ્થૂલદેહમાં જન્મ આપવામાં શ્રી. બંસી સફળ થયા છે એમ આ પુસ્તક વાંચનાર સૌને લાગી આવ્યા વીના રહેશે નહિ. આધૂનિક જૈન સાહિત્યમાં પ્રકાશન પામતાં પુસ્તકોમાં આ પુસ્તક કૈંક નવીજ ભાત પાડે છે એ પણ નિઃસંદેહ છે. આખાયે પુસ્તકમાં વિચાર અને ભાવનાના જે તણખા વેરવામાં આવ્યા છે તે વાંચકના માનસ ઉપર સચોટ અસર ઉપજાવી કાયમનું ઘર કરી રહે તેવા છે. આ પુસ્તકની એક નકલ તો જરૂર પોતાની કરી લેવા અમે સૌને આગ્રહ કરીએ છીએ.

(સ્થા. જૈન. કો. નું મુખપત્ર) **જૈન પ્રકાશ**–મુંબઇ

(૩)

આદર્શ જૈન—લેખક શ્રી બંસી. જૈન આદર્શને રજુ કરતું આ નાનકડું પુસ્તક કે જેમાં લેખકના વિચારો ને ભાવનાઓની જમાવટ થયેલી છે. આ પુસ્તક એકલા જૈન નહિ પરંતુ જૈનેતર (સામાજિક) દૃષ્ટિએ પણ તેની ઉપયોગીતા દેખાય છે. માંહેના ઘણા વાકયો તો ખાસ મનન કરવા જેવા છે. શૈલી સુંદર, સ્ફોટ અને ટુંકામાં અનેક પ્રેરણાઓ તાદૃશ્ય કરે છે. આવા પુસ્તકો આવકારદાયક ગણી શકાય: સર્વેને વાંચવા ભલામણ કરીયે છીયે.

"**આત્માનંદ પ્રકાશ**" ભાવનગર.

(૪)

આદર્શ જૈન. લેખક રા. બંસી

આવતી કાલના ઓજસ્વી જૈનો ઘડનારૂં આ જમાનાને લાયકનું પ્રાણપ્રેરક–આ પુસ્તક છપાઈને બહાર પડેલ છે. આદર્શ જૈનો કેવા હોય ? તેનું સ્વરૂપ નવી ઢબના ગદ્યમાં લખેલું છે. બુક ખાસ વાંચવા લાયક છે અને અસર કરે તેવી છે.

'જૈનધર્મ પ્રકાશ'–ભાવનગર.

(૫)

આદર્શ જૈન—લેખક 'બંસી' આદર્શ જૈનની ભાવના, જીવનધ્યેય અને તેના કર્તવ્ય માર્ગ પર પ્રકાશ પાડતું આ પુસ્તક માત્ર જૈનનેજ નહિ પરંતુ જૈનેતરોને પણ ખાસ વાંચવા જેવું છે. આત્મવિશ્વાસ અને વીરતાથી શાન્તચિત્તે જીવનસંગ્રામમાં ઝુકાવનાર 'જૈન' સિદ્ધશીલા કેમ પ્રાપ્ત કરી શકે એ વસ્તુ આ પુસ્તકમાં કોઇ જૂદી જ શૈલીએ આલેખવામા આવી છે. જરા વધારે સરળ લેખીની સામાન્ય વાંચકવર્ગને વધારે આકર્ષી શકત. લેખકના આ સુંદર પ્રયાસને આવકાર આપી જનતા આ પુસ્તકને અપનાવી લે એમ ઇચ્છીએ છીએ.

'જૈન'–ભાવનગર.

(૬)

આદર્શ જૈન :—વર્તમાન જૈન સમાજની અધોગતિ અને રૂઢિ–પ્રિયતા જોઇને કોઈ પણ અન્યદર્શી વિચારક સાચા જૈનધર્મની ઝાંખી નજ કરી શકે ! જે ધર્મના ઉપાસકો બાહ્યાડમ્બરમાંજ ગુંથાયલા હોય–તેમાં જ રાચતા હોય એવા ઉપાસકોની પ્રવૃત્તિઓથી જૈનધર્મ જેવા અન્તરાત્મ ધર્મનો સાચો સ્વરૂપ પ્રકટ કેમ હોઇ શકે ? જૈનગ્રન્થોમાં

જૈન શાસન—જૈન ધર્મ, જૈન સાહિત્ય અને જૈન ધર્મ. ૪ અંગોનું વર્ણનાતીત યશ અને મહત્વ ગવાયું છે પરન્તુ વર્તમાન જૈનોએ તો પોતાના આચરણથી પુસ્તકમાંના રીંગણા સિદ્ધ કરી બતાવ્યા છે. આવા સમયે જ્યારે જૈનો પોતાનું સ્વરૂપ ભુલી ભાન—ભુલા બન્યા છે ત્યારે આ એક જ પુસ્તક આવું છે કે જે જૈનનું સાચું સ્વરૂપ જનતાની સમક્ષ રજુ કરે છે અને દિગ્મુઢ થયેલા જૈનોને પોતાના આદર્શ તરફ વળવા સંકેત કરે છે, પુસ્તકને એક વાર આદ્યંત વાંચી જવા પછી વાચનારને આમ લાગ્યા વિના રહેતું નથી કે ' આદર્શ જૈન ' બદલે જો ' જૈન ગીતા ' નામ આપવામાં આવ્યું હોત તો તે વધારે ઉપયુક્ત થાત ! આવાં ઉંચા પ્રકારનું ભાવનામય પુસ્તક રજુ કરવા માટે રા. બંસી ખરેખર જૈન સમાજના હાર્દિક ધન્યવાદ જીતી લે છે. જૈન ધર્મને સાચા સ્વરૂપમા ચીતરનારી આ ગીતા તો હિન્દી, મરાઠી આવૃત્તિઓ બહાર પાડી સસ્તા મુલ્યે વિતીર્ણ કરવી જોઇએ ! પુસ્તક ન્હાની છે કિન્તુ આનો એક એક સુત્ર રામાયણ જેટલી મોટી પુસ્તકનું સાર કહાડે છે.

' **જૈન સુધારક** ' મુંબઇ.

(૭)

આદર્શ જૈન. લે. રા. બંસી.

લેખકની શૈલી મનોહર, આકર્ષક અને તેજસ્વી છે. આદર્શ યા સાચા જૈન અને તેની ભાવનાની વ્યાખ્યા તેમાં છે. તેમાંના આ સૂત્રો ' જેટલાં સાચાં તેટલાં જ અમૂલ્ય છે. જૈનોને તે જાણવાની અને જીરવવાની શક્તિ પ્રાપ્ત કરવાની છે. સૌ કોઇ આ પુસ્તક વાંચે, મનન કરે અને તેનો બનતો અમલ કરે.

' **સુઘોષા !** ' અમદાવાદ

સંપૂર્ણ :

—થોડા સમયમાં પ્રસિદ્ધ થશે—

શ્રી મહાવીર જીવનરેખા.

લેખક: મુનિશ્રી હર્ષચંદ્રજી (દ. સંપ્રદાય)

ક્ષાંતરંગ, ધર્મસિંહ અને ધર્મદાસજી, રૂગનાથજી સ્વામીજીનું જીવનચરિત્ર વગેરે પુસ્તકોના લેખકની આ વાનગી છે. જુદા જુદા સૂત્રોમાંથી દોહન કરી ઘણા પરિશ્રમપૂર્વક આ પુસ્તક લખાયેલું છે.

રોયલ ૧૬ પેજી લગભગ બાર ફોર્મ, સુંદર છપાઈ અને ટકાઉ કાગળ ઉપર તૈયાર થશે.

• અગાઉથી મૂલ્ય ૦-૫-૦ પો. [illegible] જુદું.

પુસ્તક લખો:-

શ્રી જૈન સસ્તુંસાહિત્ય પ્રચારક કાર્યાલય.

કલોલ.

